શારદા મહિલા વિકાસ સોસાયટી

જીવન અંજલી થાજો સેવા ટ્રસ્ટ

અમે તે ઈશ્વરના દાસ છીએ,
જેને અજ્ઞાનીઓ "મનુષ્ય" કહે છે.

સ્વામી વિવેકાનંદ

# સેવા સુવાસ

## સંયુકત મુખપત્ર

જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૧૫

# સેવા – સુવાસ

૧૯૮૪થી સેવા રૂરલ સંસ્થાનું ત્રિમાસિક મુખપત્ર **"સેવા સુવાસ"** તેમજ સેવા રૂરલની ભગિની સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી દ્વારા વર્ષ ૨૦૦૭ થી **"શારદા સુવાસ"** નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યા છે.

વર્ષ ૨૦૧૨થી સંસ્થાના સંયુકત ઉપક્રમે 'સેવા સુવાસ' પ્રકાશિત થાય છે. સંસ્થાના પાયાના ત્રણ અભિગમ – સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણને સાંકળીને આરોગ્ય, આર્થિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક, રચનાત્મક પ્રવૃત્તિઓનો પ્રસાર કરવાનો શુભ આશય રાખ્યો છે. જેમાં બન્ને સંસ્થાના સમાચારો અને તે વિષેની માહિતી ઉપરાંત સંસ્થાના કાર્યકરો, ગ્રામ્યકક્ષાની સહયોગી બહેનો, કિશોર–કિશોરીઓ અને બાળકો પોતાના સ્વાનુભવો તેમજ પ્રેરક પ્રસંગો રજૂ કરશે.

અત્યાર સુધીના અંકોમાં સંસ્થાના પાયાના ત્રણ અભિગમમાંથી સામાજીક સેવા અને વૈજ્ઞાનિક અભિગમને ઘ્યાનમાં રાખીને પ્રવૃત્તિઓ અને સમાચાર પ્રકાશિત થઈ રહ્યા છે. આજે જયારે સંસ્થા સફળતાપૂર્વક ૩૫ વર્ષ પૂરાં કરી રહી છે ત્યારે પાયાનો ત્રીજો અભિગમ આધ્યાત્મિક દ્રષ્ટિકોણ જેનો વ્યકિતના સ્વવિકાસમાં મહત્વનો ફાળો છે અને એના પ્રયત્ન રૂપે સંસ્થામાં આઘ્યાત્મિક શિબિરો, સાધસંતોના આર્શીવચનો અને સત્સંગનો જે લાભ મળે છે, તેના સમાચાર આ અંકથી પ્રગટ કરવા જઈ રહ્યા છે.

આપ સૌના પ્રતિભાવો અને સૂચનો, અમારી યાત્રાને પ્રેરણા અને બળ પૂરું પાડશે.

## સાંકળિયું


| | | |
|---|---|---|
| ૧. | વલોણુ – નૈતિક મૂલ્યોની સાચવણી | ૧ |
| ૨. | વિવેક સુવાસ | ૨ |
| ૩. | માતૃશકિત – સવિતાબેનનો વ્યાપક માતૃત્વભાવ | ૪ |
| ૪. | કાલીઘેલી વાત – મારા દીકરાએ મારા બ્લાઉઝમાં હૂંક મારી આપ્યા... | ૫ |
| ૫. | સંસ્થા સમાચાર | ૬ |
| ૬. | મિત્રોની નજરે | ૧૮ |
| ૭. | સત્સંગના સથવારે | ૧૯ |
| ૮. | નાનાઓની મોટાઈ – મને આ કામ ગમે છે માટે હું કરીશ... | ૨૦ |
| ૯. | જાણવા જેવું– ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના | ૨૧ |


## સેવા સુવાસ સમિતિ


| | | |
|---|---|---|
| જયશ્રી લાડ | જાગૃતિ શાહ | મંજુલા માછી |
| મુકેશ પરીખ | કાંતિ પરમાર | દિલીપ પટેલ |
| બંકિમ શેઠ | રમેશ ગોસ્વામી | ભરત પ્રજાપતિ |
| | ડો. લતાબેન દેસાઈ | |


**ખાસ નોંધ : વાચક મિત્રો, દર ત્રણ માસે પ્રસિધ્ધ થતું સેવા સુવાસ મુખપત્ર આપની અનુકૂળતાએ વેબસાઈટ www.sewarural.org પર પણ વાંચી શકાશે.**

# વલોણું

## નૈતિક મૂલ્યોની સાચવણી

સંસ્થાના મુખ્ય અભિગમોમાંથી એક છે નૈતિક મૂલ્યોની જાળવણી. આજના જમાનામાં નૈતિક મૂલ્યોની જાળવણી કરવાના અમારા આગ્રહને લીધે ઘણા પડકારો અને પ્રશ્નો આવતા રહે છે તે સ્વાભાવિક છે.

સંસ્થાની શરૂઆત થયેલી હોસ્પિટલથી. "વહેલો તે પહેલો" એવા અમારા મૂલ્યને લીધે એક મોટો પડકાર શરૂઆતના વર્ષોમાં અમારી સામે ખડો થયો હતો. હોસ્પિટલમાં અપાતી સારવાર માટે વહેલો આવેલ હોય તેને પહેલી સારવાર અપાતી. તે પછી ખેતમજૂર હોય કે જમીનદાર, ગરીબ હોય કે પૈસાદાર, અભણ હોય કે શિક્ષિત. આ મૂલ્યના આગ્રહને પરિણામે ઝઘડિયામાં જ સંસ્થાની સામે એક સરકારી હોસ્પિટલ શરૂ થઈ ગઈ હતી. જો કે છેલ્લા કેટલાક વર્ષોથી બંધ થઈ ગઈ છે.

આવું જ બીજું અગત્યનું મૂલ્ય છે ચારિત્ર્યની જાળવણી. ચારિત્ર્ય સંદર્ભમાં બાંધછોડ કરનાર વ્યકિત કોઈપણ હોય પછી તે દરેકને તેની કિંમત ચુકવવી પડે. પછી તે સંસ્થામાં મોટો હોદ્દો ધરાવતી ટ્રસ્ટી હોય, કોઈ વિભાગનો ઉપરી હોય, નિષ્ણાત ડોકટર હોય, પેરામેડીકલ વર્કર હોય કે સફાઈ કામદાર. આમાં કોઈ બાંધછોડ ન કરવાનો અમારો આગ્રહ. આ ૩૫ વર્ષમાં એવું કરનારાં સમજાવટ, સામાજિક દબાવ વગેરે જેવા ઉપાયોના પરિણામે, મને કે કમને, સંસ્થા છોડવા મજબુર બન્યા હતા. આવા કપરા નિર્ણયો લેવામાં અમુક વ્યકિતઓની કેટલીય રાતોની ઊંઘ પણ હરામ થઈ ગયેલી. વળી કામગીરીને પણ નુકસાન થાય એ તો સ્વીકારી લીધેલું.

આ પરિપ્રેક્ષ્યમાં છેલ્લા કેટલાક વર્ષોથી અમારા મનમાં ચિંતન ચાલ્યા કરે છે.

- મૂલ્યો એટલે શું ? કયા મૂલ્યો શાશ્વત છે ? કયા મૂલ્યોમાં બદલાતી પરિસ્થિતિના આધારે ફેરફાર જરૂરી છે ?
- બધા જ સરકારી કાયદાઓની જાળવણી કરવી એ મૂલ્યોની જાળવણી કરી કહેવાય ? કે પછી વિવેક વાપરીને એમાં બાંધછોડ કરવી જોઈએ ? દા.ત. જે કુટુંબને બે ટંક પૂરું ખાવાનું મળતું ન હોય ત્યારે તેના બાળકો અભ્યાસની સાથે સાથે એક બે કલાક ખેતરોમાં કે કોઈના ઘરે કામ કરીને બે પૈસા કમાય તે શું બાળમજૂરી કાયદાનો ભંગ કરીને મૂલ્યોનું સ્ખલન કર્યું કહેવાય ?
- કોઈ વ્યકિત જાતે જ ભૂલ સ્વીકારે તો તેને માફી આપીને એક તક આપી શકાય ?
- વ્યકિતની સામાજિક પરિસ્થિતિ અને હોદ્દાઓને આધારે લેવાતા શિસ્તભંગના પગલાઓ જુદા જુદા હોઈ શકે ?
- એક વ્યકિતની ભૂલને કારણે તેના સમગ્ર પરિવારને સજા થઈ જાય તે કેટલુ યોગ્ય ?
- મૂલ્યનું સ્ખલન કરનાર વ્યકિત કે જેને આધારે કાર્યક્રમ ચાલતો હોય, જેને લીધે ઘણાં ગરીબો અને વંચિતોને સેવાઓ પૂરી પડાતી હોય ત્યારે એવી વ્યકિતને છૂટી કરતી વખતે કામકાજની ગતિ અને વ્યાપ ઓછો થઈ જાય ત્યારે આ અસર પામેલા ગરીબોને કયા ગુનાની શિક્ષા કરી કહેવાય ?
- સંસ્થાના કામોમાં ભાઈઓ અને બહેનો સાથે મળીને કામ કરતાં હોય, લાંબાગાળાના સહવાસને લીધે બે વ્યકિત, પરણીત હોય કે અપરણિત, વચ્ચે ઊભી થતી પરસ્પર લાગણી કે કયારેક એનાથી આગળ વધીને અનૈતિક સંબંધો થાય ત્યારે ભાઈ–બહેનને સરખી જ સજા થવી જોઈએ કે બહેનને સામાજિક પરિસ્થિતિનો લાભ આપીને માફી આપવી અથવા તો ઓછી સજા કરવી જોઈએ ?
- વિભાગીય વડા કે સફાઈ કામદારની સજામાં તફાવત હોઈ શકે ?

- ઘણાં મિત્રો, શુભેચ્છકો અને અમારા સાથી કાર્યકરોએ અમને વધારે પડતાં ચીકણા, તો કોઈએ અન્યના ખાનગી જીવનમાં હસ્તક્ષેપ કર્યાનો આક્ષેપ કરી એવું કરવાનો અમારો શો અધિકાર છે તેવી દલીલો કરી છે.
- મૂલ્ય આધારિત સંસ્થામાં કામ કરવુ અને તેનો વહીવટ ચલાવવો એ એક અવિરત યાત્રા છે. આ યાત્રામાં જેમ જેમ આગળ વધીએ તેમ તેમ વહીવટ કરનારા અને કાર્યકરોની સમજમાં જુદાજુદા પ્રમાણમાં બદલાવ આવ્યા કરે એ સ્વાભાવિક છે. સંસ્થામાં કે સમાજમાં નીતિનિયમોનું પાલન થવુ જરૂરી જ છે પણ શું તેમાં અપવાદરૂપે છૂટછાટ ન મૂકી શકાય ? તે કોણ મૂકી શકે ?

વલોણામાં લખાતી મૂંઝવણો અને મંથનો મોટાભાગે લખનાર વ્યકિતની હોઈ શકે. તેનો સંસ્થાકીય નીતિ–રીતિ સાથે કોઈ ખાસ સંબંધ ન પણ હોય. છતાં વાચક મિત્રોના પ્રતિભાવો અમારે મન અગત્યના છે, જરૂરથી મોકલી આપશો.

♦

# વિવેક સુવાસ

છેલ્લા અંકમાં સ્વામી વિવેકાનંદના ભારતીય નારીના લગ્ન સંબંધક વિચારો વાંચેલા. આ અંકમાં સ્વામીજીના મહિલા સંસ્થા શરૂ કરવાની જરૂરિયાત અંગે તેમના શિષ્યો સાથે થયેલા વાર્તાલાપ વાંચીશું.

**સ્વામીજી :** જયારે સ્ત્રીરૂપી ભગવતી પ્રસન્ન થાય છે ત્યારે વરદાન આપનારી બને છે અને મનુષ્યોની મુકિતનું સાધન બને છે. પૂજા અને પ્રણામ દ્વારા જગદંબાને સંતુષ્ટ કર્યા સિવાય બ્રહ્મા અને વિષ્ણુની પણ તેના પ્રભાવથી છટકવાની અને મુકત થવાની તાકાત નથી. એટલા માટે આ ગૃહદેવીઓની પૂજા માટે તેમનામાં રહેલી બ્રહ્મશકિત પ્રગટ કરવા માટે હું સ્ત્રીઓના મઠની સ્થાપના કરીશ.

**શિષ્ય :** એ વિચાર સારો હોઈ શકે પરંતુ, સ્ત્રી–અંતેવાસીઓ તમને કયાંથી મળવાના? સમાજના અત્યારના કડક બંધનો જોતા પોતાના ઘરની સ્ત્રીઓને કોણ તમારા મઠમાં જોડાવાની અનુમતિ આપવાનું હતું ?

**સ્વામીજી:** એમ કેમ ? સંસ્થામાં નારી શિષ્યાઓ તો હજીયે છે. તેમની સહાયથી હું આ સંસ્થાનો આરંભ કરીશ. માતાજી (શ્રી શ્રીશારદાદેવી) તેમની કેન્દ્રમૂર્તિ બનશે અને શ્રીરામકૃષ્ણના ભકતોની પત્નીઓ અને પુત્રીઓ તે મઠની પ્રથમ અંતેવાસિનીઓ બનશે. કારણ કે તેઓ આવા મઠની ઉપયોગિતા સહેલાઈથી સમજી શકશે. ત્યારબાદ તેમના ઉદાહરણનું અનુકરણ કરીને ઘણાય ગૃહસ્થાશ્રમીઓ તેમના ઉદાત્ત કાર્યમાં સહાય કરશે.

**શિષ્ય :** શ્રીરામકૃષ્ણના શિષ્યો અવશ્ય આ કાર્યમાં સાથ આપશે. પરંતુ હું નથી ધારતો કે સામાન્ય જનસમાજ આ કાર્યમાં સહાય આપે.

**સ્વામીજીઃ** આ દુનિયામાં કોઈપણ કાર્ય ભોગ આપ્યા વિના થયુ નથી. વડના ઝાડનો અંકુર જોઈને કોણ કલ્પના કરી શકે કે સમયના વહેણ સાથે તેનો વિકાસ થઈને તે વિશાળ વટવૃક્ષ થઈને ઊભું રહેશે? આગળ ઉપર તમને દેખાશે કે એક બે પેઢી પછી દેશના લોકો આ સંસ્થાની કિંમત સમજશે. મારી શિષ્યાઓ એને માટે પોતાના જીવનનો ભોગ આપશે. **ભય અને કાયરતાઓનો ત્યાગ કરીને તમે પણ આ ઉદાત્ત કાર્યમાં સહાયક થજો અને આ ઉચ્ચ આદર્શને સૌની સમક્ષ ધરી રાખજો. તમે જોજો કે સમય આવતાં એનો પ્રકાશ આખા દેશ ઉપર પડવાનો છે.**

**શિષ્યો :** વારુ, સ્વામીજી, મહિલાઓ માટેના આ સંસ્થાની આપની યોજના સવિસ્તાર મને સમજાવો.

આ મહિલા સંસ્થાની સાથે જોડાયેલી એક કન્યાશાળા પણ હશે. તેમાં ધર્મશાસ્ત્રો સાહિત્ય સંસ્કૃતવ્યાકરણ અને થોડુંક અંગ્રેજી તથા બીજા વિષયો જેવા કે સીવણકામ, પાકશાસ્ત્ર ગૃહકાર્ય તથા બાળઉછેરના નિયમો પણ શીખવવામાં આવે. જપ, ધ્યાન અને પૂજન એ શિક્ષણનું અનિવાર્ય અંગ લેખાશે. જે બહેનો પોતાના ઘર અને કુટુંબનો ત્યાગ કરીને અહીં કાયમ રહી શકશે, તેમને આ સંસ્થામાંથી અન્નવસ્ત્ર આપવામાં આવશે. નાની ઉંમરની દીકરીઓને આ સંસ્થામાં વિદ્યાર્થિનીઓ તરીકે દાખલ થવા દેવામાં આવશે. તેમના વાલીઓને ૧૫ વર્ષ પહેલા તેમની દીકરીઓના લગ્ન અહીં કરવાની બાંહેધરી આપવી પડશે. આધેડ ઉંમરની મહિલાઓ નાની દીકરીઓની તાલીમનો ભાર લેશે. આ સંસ્થામાં પાંચ–છ વર્ષની તાલીમ લીધા પછી એ કન્યાઓ તેમના લગ્ન કરે, યોગ અને અધ્યાત્મ માર્ગને અનુસરવા માટે જો યોગ્ય જણાય તો તેમના વાલીઓની અનુમતિપૂર્વક તેઓને બ્રહ્મચર્યવ્રત લઈને આ મઠમાં રહેવાની અનુમતિ આપવામાં આવે. આવુ બ્રહ્મચારિણીનું જીવન જીવવાની ઈચ્છા ધરાવતી દીકરીઓ સમય આવતા મઠની શિક્ષિકાઓ બનશે જેઓ ગામડાઓમાં અને નાના શહેરોમાં શિક્ષણ કેન્દ્રો સ્થાપશે અને સ્ત્રી શિક્ષણના પ્રચારનો પ્રયત્ન કરે. આવી ચારિત્ર્યશીલ ભક્તિમતી સ્ત્રી–પ્રચારકો દ્વારા દેશમાં સ્ત્રી– શિક્ષણના સાચો પ્રચાર થાય. વિદ્યાર્થિનીઓ જ્યાં સુધી સંસ્થામાં રહે ત્યાં સુધી આ સંસ્થાની પાયાની ભાવના તરીકે બ્રહ્મચર્યનું પવિત્ર જીવનનું પાલન તેઓ અવશ્ય કરે.

આ મઠની વિદ્યાર્થિનીઓના મૂળમંત્ર રહેશે આધ્યાત્મિકતા, ત્યાગ અને સંયમ. અને તેમના જીવનનું વ્રત રહેશે સેવાધર્મ. આવું આદર્શ જીવન જોઈને કોણ તેમનું સન્માન નહીં જાળવે? કે કોણ તેમના પર શ્રદ્ધા નહીં રાખે? જો આ દેશની સ્ત્રીઓના જીવન આવી રીતે ઘડાત તો જ ભુતકાળના આદર્શ સ્ત્રી ચરિત્રોનું ફરીથી દર્શન થાત, લોકાચારના મારથી આ દેશની સ્ત્રીઓ સાવ નિર્જીવ અને જડ થઈ જઈને કઈ દિશાએ પહોચી છે તે તમને ત્યારે જ સમજાય કે જયારે તમે પશ્ચિમના દેશોનો પ્રવાસ કરો. **સ્ત્રીઓની આ દુઃખમય અવસ્થા માટે કેવળ તમે જવાબદાર છો અને તેમને ઉપર લાવવી એ પણ તમારા જ હાથમાં છે. માટે હું કહું છું કે, કાર્યમાં લાગી જાઓ. વેદો જેવા થોડા ધર્મગ્રંથ કંઠસ્થ કર્યે શું વળવાનું છે...?**

**શિષ્ય :** પરંતુ સ્વામીજી, અત્યારના સ્ત્રી–શિક્ષણના પરિણામ તો ઉલટાં આવેલાં દેખાય છે. જરા જેટલું શિક્ષણ લેતા જ સ્ત્રીઓ કેવળ પાશ્ચાત્ય જીવન પધ્ધતિને અપનાવે છે. પરંતુ ત્યાગની ભાવના, સંયમ, તપ, બ્રહ્મચર્ય અને બ્રહ્મજ્ઞાન તરફ લઈ જાય એવા બીજા ગુણોમાં તેઓ આગળ વધે છે કે કેમ એ સ્પષ્ટ નથી.

**સ્વામીજી :** આરંભમાં એવી થોડીક ભૂલ અનિવાર્ય છે. દેશમાં જયારે એક નવા વિચારનો પ્રચાર કરવામાં આવે ત્યારે કેટલાક તેને યોગ્ય રીતે ગ્રહણ

ન કરી શકે એટલે એ રીતે આડે રસ્તે જાય પરંતુ સમગ્ર સમાજના ભલા સામે એટલાથી કયું નુકસાન થઈ ગયું? વારુ, અત્યારે દેશમાં જે થોડી ઘણી સ્ત્રી–કેળવણી પ્રચલિત થઈ છે, તેના શરૂ કરનારાઓ બેશક ઘણાં વિશાળ હૃદયના માણસો હતા. પરંતુ સત્ય એ છે કે જે શિક્ષણ કે સંસ્કૃતિ ધાર્મિક પાયાપર સ્થાપેલા નથી, તેમાં કંઈક ખામી ઘૂસી જવાની જ. પરંતુ હવે સ્ત્રી–શિક્ષણના કેન્દ્રમાં ધર્મને રાખીને પ્રસાર કરવાનો છે. બીજું બધું શિક્ષણ ધર્મથી ગૌણ રહેવું જોઈએ. ધાર્મિક શિક્ષણ ચારિત્ર્યનું ઘડતર અને બ્રહ્મચર્યવ્રતનું પાલન એમના ઉપર ખાસ લક્ષ દેવાવું જોઈએ. અત્યાર સુધી જે શિક્ષણ સ્ત્રીઓને માટે પ્રચલિત કરવામાં આવ્યું છે, તેમાં ધર્મને ગૌણ સ્થાન આપવામાં આવ્યું છે. એથી તમે જે કહ્યું તે ખામીઓ પેસી ગઈ છે. પરંતુ તે કાંઈ સ્ત્રીઓનો દોષ નથી. સુધારકો પોતે બ્રહ્મચર્યનું પાલન કર્યા વિના સ્ત્રી–શિક્ષણનો આરંભ કરવા દોડી નીકળ્યા છે અને પરિણામે એવી રીતે પોતે જ ઠોકર ખાધી છે. **બધી સારી પ્રવૃત્તિઓના સ્થાપકોએ પોતાની ઈષ્ટ–પ્રવૃત્તિઓનો પ્રારંભ કરતાં પહેલા કડક આધ્યાત્મિક તાલીમ દ્વારા આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. નહીંતર તેમના કાર્યમાં ખામીઓ રહેવાની જ.**

**"પ્રથમ તો સ્ત્રીઓને શિક્ષણ આપો પછી તેમને તેમના પર છોડી દો એટલે તેમને કયા સુધારાઓ આવશ્યક છે તે તમને કહેશે. તેમને લગતી બાબતોમાં માથું મારનારા તમે કોણ ?**

♦

**શિષ્ય :** શરદચંદ્ર ચક્રવર્તી સાથેનો સ્વામી વિવેકાનંદનો વાર્તાલાપ.

(ભારતીય નારી ચોપડીમાંથી સાભાર)

# માતૃશકિત

## સવિતાબેનનો વ્યાપક માતૃભાવ

કુદરતે બહેનોમાં માતૃભાવ એક વિશિષ્ટ શકિતરૂપે બક્ષેલ છે. પરંતુ મોટેભાગે પોતાના લોહી માસમાંથી બનેલ બાળકો પૂરતો જ મર્યાદિત જોવા મળે છે. કયારેક આ માતૃભાવ વ્યાપક બનીને કુટુંબની સીમા ઓળંગતો જોવા મળે છે ત્યારે વિશેષ આનંદ તો અનુભવાય છે પણ બીજા માટે પ્રેરણારૂપ પણ બની રહે છે. તેવો જ આ એક માતૃભાવનો પ્રસંગ સવિતાબેન કે જે સંસ્થામાં ચાલતા ટ્યુટોરિયલ વિભાગમાં અગિયાર વર્ષથી કામગીરી બજાવી રહ્યા છે તેમનામાં જોયો, જે આપણે તેમના જ શબ્દોમાં સાંભળીએ.

હોસ્પિટલની બહાર ચાની લારી પર એક દાદા એક હાથમાં દૂધનું ડોલચું અને બીજા હાથમાં એક નાની કોથળીમાં અઢીસો ગ્રામ જેટલો મકાઈનો લોટ લઈને ઊભા હતા. હોસ્પિટલમાં દાખલ દીકરા માટે રાબ બનાવવાની હતી. દાદા રૂા. ૧૦/– આપી ચા વાળાને દૂધ ગરમ કરી આપવા કાલાવાલા કરતા હતા. મેં થોડીવાર જોયા કર્યુ. પછી ચાની લારીવાળાને દૂધ ગરમ કરી આપવા કહ્યું.... ત્યારે ચાની લારીવાળાએ કહ્યું, "બેન, આ દાદા ચા પીવા સામે લારી પર જાય અને દૂધ ગરમ કરાવવા મારી પાસે આવે એટલે મે ના પાડી." દાદાએ કહ્યું, "બેન રોજ ચા પીવાના તો પૈસા જ નથી . હું તો ફકત સામે બાંકડે બેસતો હતો." પછી દાદાને લઈ હું સેવા રૂરલની

કેન્ટીનમાં ગઈ તો ત્યાં પણ રાબ બનાવી આપવાની ના પાડી. ત્યાં બેઠેલા પટાવાળા ભાઈએ કહ્યું, "બેન ૧૮ નંબર પર જાવ ત્યાં ગેસ છે ત્યાં કરી લેજો." હું દાદાને ત્યાં લઈ ગઈ પણ એ ગેસ ચાલુ કરતાં દાદાને ન આવડે, વળી ત્યાં ગરમ વસ્તુ પકડવા સાણસી જેવું પણ કંઈ ન મળે. મેં કહ્યું લાવો હું જલ્દી બનાવી આપું. પાછા દાદા કેન્ટીન પાસે પાણી લેવા ગયા. ત્યાં બીજું વાસણ ન હોવાથી કોથળીમાંથી લોટ ખાલી કરતાં હતા ત્યારે થોડો લોટ વેરાઈ જવાથી ત્યાં એક પટાવાળા ભાઈ એમના પર ગુસ્સો કરવા લાગ્યા. દાદા એની વાત સમજાવતાં હતા પણ એ ભાઈ સમજતા ન હતા. દાદાને વાર લાગી એટલે પાછી હું ત્યાં ગઈ તો પટાવાળા દાદાને બોલતાં જોઈ મેં પરિસ્થિતિ સમજાવવાનો પ્રયત્ન કર્યો. હું જલ્દી જલ્દી પાણી લઈ ગઈ. ૧૮ નંબર પરથી રાબ બનાવી દાદાને આપી . દાદા બિચારા વૃદ્ધ, લાચાર આંખોથી મારો આભાર માનતા જતા રહ્યાં.

♦

## કાલીઘેલી

### " મારા દીકરાએ મારા બ્લાઉઝમાં હુક મારી આપ્યા"

"બેન આજે મારા દીકરાએ મારા બ્લાઉઝમાં હુક મારી આપ્યા.." આ શબ્દો આનંદથી વાત કરનારી માતાના હતાં.

વર્ષની શરૂઆતમાં પ્રવેશોત્સવ વખતે દરેક બાળકને કંઈક ઉપયોગી થાય તેવી નાની વસ્તુ આપીએ છીએ. ટ્યુટોરિયલ વર્ગમાં આવતા ગરીબ કુટુંબના બાળકોના કપડાં જોઈએ તો ક્યારેક ફાટેલા તો ક્યારેક બટન વગરના કપડા તેઓ પહેરીને આવતા હોય છે. તેમના માને કદાચ બટન ટાંકતા કે કપડાં સાંધતા નહીં આવડતું હોય અથવા મજુરીએ જવાને કારણે સમય ન મળતો હોય. એ જોતાં ગત વર્ષે બાળકોને પ્રવૃત્તિના ભાગરૂપે બટન ટાંકતા શીખવાડ્યું. એટલે આ શીખવેલી વસ્તુનો ઘરમાં પણ ઉપયોગ કરી શકે એ હેતુથી આ વખતે એક નાની પ્લાસ્ટીકની બેગમાં થોડાં બટન, હુક, સોય અને દોરો વિગેરે આપ્યાં.

એકાદ મહિના પછી આ આપેલ ચીજોનો બાળકોએ ઉપયોગ કર્યો કે નહીં તે જાણવા વર્ગમાં શિક્ષિકા બહેનો બાળકોને પૂછતા હતાં ત્યારે ધોરણ–૫ના પાંચ છ બાળકોએ કહ્યું " મેં મારું ફ્રોક સાધ્યું, મેં બટન માર્યુ. પણ એક છોકરો જેનું નામ રોશન રવિયાભાઈ વસાવા છે તેણે પોતાનુ શર્ટ તો સાંધ્યું પણ સાથે મજૂરી કરવા જતી મા ના બ્લાઉઝનું હુક પણ મારી આપ્યું. આ વાત જયારે શિક્ષિકાબહેને અમને કરી ત્યારે અમને ખૂબ આનંદ થયો, પણ વધારે આનંદ ત્યારે થયો જયારે એ શિક્ષિકાબહેન એક દિવસ ચાલતાં–ચાલતાં ઘરે જતાં હતાં ત્યારે રોશનનાં મમ્મી રસ્તામાં મળ્યાં અને સ્વાભાવિક રીતે પૂછયું કે રોશન શું કરે છે ? ઘરે કંઈ વાત કરે છે ? ત્યારે એના મમ્મીએ ખૂબ જ હર્ષથી કહ્યું "બેન તમે જે કરાવો છો તે વાત તો કરે જ છે સાથે તમે જે શીખવો છો તે પણ કહે છે. તમે બટન મારતા શીખવેલું અને બટન ઘરે આપેલા તે મારી બ્લાઉઝના હુક પણ તેણે મારી આપ્યાં.

♦

# સંસ્થા સમાચાર

## સેવા રૂરલ અને શા. મ. વિ. સો. ના સંયુકત ઉપક્રમે ચાલતી પરિવાર પ્રવૃત્તિ સંસ્કાર સિંચન વર્કશોપ

- સેવા રૂરલ એક સ્વૈચ્છિક સંસ્થા છે. **સંસ્થામાં કેટલુ કામ થાય અને કેવી રીતે કામ થાય છે, તે બંન્નેનું ખૂબ જ મહત્વ છે.** કદાચ, 'કેવી રીતે' નું મહત્વ 'કેટલુ' કરતા વધારે છે.

  સંસ્થાના પાયાના ત્રણ ધ્યેય ગરીબોનું કામ, મૂલ્ય આધારિત કામ તથા કાર્યકરોનો સ્વવિકાસ છે. આ ત્રણે ધ્યેયનું દ્રઢિકરણ તથા સ્પષ્ટિકરણ થયા બાદ કાર્યકરના માનસમાં સતત ઘુંટાયા કરે એવો પ્રયાસ કરીએ છે; આ વર્ષે જુન–જુલાઈ–ઓગષ્ટમાં ૬ વર્કશોપનું આયોજન થયું. તેમાં સંસ્થાના બધા કાર્યકરો, (કુલ ૨૦૦) ને આવરી લેવામાં આવ્યા. સંસ્થાના 'સંસ્કારોનું સિંચન' થાય અને મજા પણ પડે એવા બે હેતુથી આ વર્કશોપનું આયોજન થયું. ડોકટરથી માંડીને સફાઈ કાર્યકર બધા જ સહભાગી થયા. વર્કશોપમાં રમત, મુવી, ગ્રુપવર્ક, વિષય ચર્ચા, પ્રવાસ, ગમ્મત જેવા વિવિધ માધ્યમમાંથી વિષય વસ્તુને આવરી લીધા.

  આ વર્કશોપનું મૂળભૂત આયોજન કરવામાં શ્રી અતુલભાઈ માંકડ (વડોદરા)નો સક્રિય સહયોગ મળ્યો.

## નવા જોડાનાર અને છુટા થનાર

- તા. ૧ જુલાઈ ૧૫થી તૃષિતકુમાર એસ. ગામીત શા.મ.વિ.સો. ના કિશોર–કિશોરી જાગૃતિ કાર્યક્રમમાં જોડાયા છે. સંસ્થા તેઓને સહર્ષ આવકારે છે.
- કિરીટભાઈ એમ. મોદી રીટાયર્ડ થયા પછી શા.મ.વિ. સો. માં નાસ્તા વિભાગ અને અન્ય વિભાગની કામગીરી છેલ્લા આઠ વર્ષથી બજાવતા હતા. તેઓ તા. ૧ જુલાઈ ૧૫ થી સામાજિક કારણોસર છૂટા થયા છે.
- અક્ષયભાઈ ભરતભાઈ વસાવા પાપડ વિભાગમાં સહાયક કાર્યકર તરીકે પાંચ વર્ષ કામ કર્યુ. તા. ૧ જુલાઈ ૧૫થી શા.મ.વિ.સો. માંથી છૂટા થયા અને બાગકામ માટે માળીની જવાબદારી સંભાળવા માટે સેવા રૂરલના વિજીટીકે ગુમાનદેવમાં જોડાયા.

## કસ્તુરબા હોસ્પિટલ

- તા. ૧૭ ઓગષ્ટથી ૧૦ ઓકટો ૧૫ દરમ્યાન ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશ્યલ સાયન્સીસ, મુંબઈથી ડો. પ્રિયંકાબેન સૂરકર અને ડો. ઉજવલભાઈ રાણા તેમના માસ્ટર ઓફ હેલ્થ એડમીનીસ્ટ્રેશનના અભ્યાસના ભાગરૂપે ઈન્ટર્નશીપ માટે આવ્યાં. તેઓએ સગર્ભાબેનોને ફેરીયમ ઈન્જેકશન આપવાથી બેનનાં હીમોગ્લોબીનમાં કેટલો ફાયદા થાય છે તેનું મૂલ્યાંકન કર્યુ. ટાટા ઈન્સ્ટિટયુટમાંથી તેઓના પ્રોફેસર પણ સ્ટુડન્ટ વિઝિટમાં આવેલા, તેઓએ સંસ્થાકીય પ્રવૃત્તિઓ અને શાળા કિશોર–કિશોરી કાર્યક્રમ હેઠળ રાણીપુરા સ્કુલમાં ચાલતી આરોગ્ય પ્રવૃત્તિ પણ જોઈ તેમજ અંકલેશ્વરથી શાંતિનગર અને બીજા વિસ્તારમાંથી ડિલિવરી દર્દીઓ ડીલીવરી માટે આવે છે તેઓની પરિસ્થિતિ ગરીબ છે કેવા ઘરમાં રહે છે વિગેરે બાબતોનું સર્વે કર્યો. સગર્ભાબેનોની સોનોગ્રાફી તપાસ થાય છે ધનુરની રસી મૂકાય છે. તે વિશે પણ મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**ગાયનેક કેમ્પ**

| અ. નં. | તારીખ | સ્થળ | દર્દીની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | ૨–૭–૧૫ | નેત્રંગ | ૯૩ |
| ૨. | ૯–૭–૧૫ | ડહેલી | ૬૦ |
| ૩. | ૧૬–૭–૧૫ | નેત્રંગ | ૧૦૨ |
| ૪. | ૨૩–૭–૧૫ | ડેડિયાપાડા | ૧૧૪ |
| ૫. | ૬–૮–૧૫ | નેત્રંગ | ૧૦૭ |
| ૬. | ૧૩–૮–૧૫ | દેસાડ | ૩૬ |
| ૭. | ૨૦–૮–૧૫ | નેત્રંગ | ૧૧૮ |
| ૮. | ૨૭–૮–૧૫ | ડેડિયાપાડા | ૧૧૬ |
| ૯. | ૩–૯–૧૫ | નેત્રંગ | ૧૦૨ |
| ૧૦. | ૧૦–૯–૧૫ | માંડવા | ૨૮ |
| ૧૧. | ૧૭–૯–૧૫ | નેત્રંગ | ૭૬ |
| ૧૨. | ૨૪–૯–૧૫ | ડેડિયાપાડા | ૬૩ |
| | **કુલ** | | **૧૦૧૫** |

## આંખ વિભાગ

- તા. ૨૫ ઓગષ્ટથી ૮ સપ્ટેમ્બર સુધી ચક્ષુદાન પખવાડિયાની ઉજવણી નિમિત્તે ભરૂચ સીવીલ હોસ્પિટલના આંખ વિભાગ દ્વારા તા. ૩૧ ઓગષ્ટ ૧૫ના રોજ ભરૂચ ખાતે ચક્ષુદાન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેવા રૂરલમાંથી નર્સીંગ સ્ટુડન્ટ અને આંખ વિભાગનો સ્ટાફ જોડાયો હતો. ચક્ષુદાન મહાદાનના સૂત્રો, બેનરો પ્લેકાર્ડ વિ. સાથે રેલી ભરૂચ – નર્સીંગ હોસ્ટેલથી નીકળી પાંચબત્તી થઈ હોસ્ટેલ ગ્રાઉન્ડ ખાતે વિસર્જીત થઈ હતી.

## જુલાઈ ૧૫ થી સપ્ટેમ્બર૧૫ સુધી યોજાયેલ નેત્ર નિદાન કેમ્પ માહિતી

| ક્રમ | કેમ્પ તારીખ | ગામ | તાલુકો | સહયોગી સંસ્થા / વ્યકિત |
|---|---|---|---|---|
| ૧. | ૫–૭–૧૫ | ગુંદિયા | વાલીયા | સ્વ. ચંદનબેન ચંદ્રકાન્તભાઈ પંડયા તથા સ્વ. ચંદ્રકાન્તભાઈ તાપીશંકર પંડયા (કોસંબા) ના સ્મરણાર્થે + Host. |
| ૨. | ૨–૮–૧૫ | ખરચ | હાંસોટ | |
| ૩. | ૮–૭–૧૫ | ખરચ | ઝઘડિયા | Host. |
| ૪. | ૧૨–૭–૧૫ | કેલોદ | ભરૂચ | સ્વ. ચમનલાલ વડોદરીયા–કોસંબા, સ્વ. દમયંતિબેન પારેખ – અંકલેશ્વર તથા સ્વ. વિનોદચંદ્ર કોઠારી –ભૂજના સ્મરણાર્થે |
| ૫. | ૧૫–૭–૧૫ | અશા | ઝઘડીયા | શ્રી સદ્‌ગુરૂધામ નિલોર્ભી આશ્રમ, અશા તથા Host. |
| ૬. | ૧૯–૭–૧૫ | વાગરા | વાગરા | સ્વ. ભાઈલાલભાઈ પરસોત્તમભાઈ પટેલ (વાગરા) ના સ્મરણાર્થે + Host. |
| ૭. | ૨૨–૭–૧૫ | રોહીદ | હાંસોટ | શ્રી ખેડૂત કલ્યાણ નિધિ ચેરીટેબલ ટ્રસ્ટ – હાંસોટ તથા Host. |
| ૮. | ૨૯–૭–૧૫ | ઘમારાડ | હાંસોટ | |
| ૯. | ૨૬–૭–૧૫ | ઝઘડિયા | ઝઘડિયા | બેંક ઓફ બરોડા – ઝઘડિયા શાખા |
| ૧૦. | ૫–૮–૧૫ | કુકરવાડા | ભરૂચ | રીલાયન્સ ફાઉન્ડેશન – ભરૂચ તથા Host. |

| ક્રમ | કેમ્પ તારીખ | ગામ | તાલુકો | સહયોગી સંસ્થા / વ્યકિત |
|---|---|---|---|---|
| ૧૧. | ૯–૮–૧૫ | રાજપારડી | ઝઘડિયા | રાધાબેન તરૂણભાઈ અને વર્ષાબેન તરૂણભાઈ ભકત – સામપુરા (યુ.એસ.એ.) |
| ૧૨. | ૧૨–૮–૧૫ | કેશવાણ | વાગરા | ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન – વડોદરા |
| ૧૩. | ૧૬–૮–૧૫ | તણછા | આમોદ | સ્વ. રેવાબેન સીતારામભાઈ ભકત અને સ્વ. સીતારામભાઈ રણછોડજી ભકત, સામપુરા. |
| ૧૪. | ૨૩–૮–૧૫ | દોરા | આમોદ | દોરા કેળવણી મંડળ |
| ૧૫. | ૨૬–૮–૧૫ | ખરોડ | આમોદ | ખરોડ કેળવણી મંડળ |
| ૧૬. | ૧૯–૮–૧૫ | રાજપરા | નાંદોદ | ચીમનલાલ છોટાલાલ લોખંડવાલા ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ–નર્મદા આશ્રમ શાળા, રાજપરા તથા Host. |
| ૧૭. | ૩૦–૮–૧૫ | ભરધા | અંકલેશ્વર | શ્રી વત્સલભાઈ સૌરભભાઈ પટેલ– કોસંબા |
| ૧૮. | ૨–૯–૧૫ | હજાત | અંકલેશ્વર | અનુગ્રહ દ્રષ્ટિદાન – દિલ્હી તથા અંકલેશ્વર ONGC એસેટ |
| ૧૯. | ૬–૯–૧૫ | નવા દિવા | અંકલેશ્વર | અનુગ્રહ દ્રષ્ટિદાન – દિલ્હી તથા અંકલેશ્વર ONGC એસેટ, સ્વ. સરોજબેન નાનાલાલ સંઘવી – મુંબઈના સ્મ. |
| ૨૦. | ૯–૯–૧૫ | ગંધારા | વાગરા | |
| ૨૧. | ૧૩–૯–૧૫ | જંબુસર | જંબુસર | |
| ૨૨. | ૧૬–૯–૧૫ | ઉમલ્લા | ઝઘડિયા | દોશી ચંચળબેન શંકરલાલ અને શંકરલાલ રણછોડદાસ ટ્રસ્ટ, ઉમલ્લા, શ્રી અંબાલાલ દોશીના જન્મદિન નિમિત્તે. |
| ૨૩. | ૨૦–૯–૧૫ | વાલીયા | વાલીયા | શ્રી મહાવીર પ્રસાદ કાનોડીયાની સ્મૃતિમાં તથા શ્રી રંગનવચેતન મહિલા આર્ટસ કોલેજ વાલીયા. |
| ૨૪. | ૨૭–૯–૧૫ | બોરી | ભરૂચ | સ્વ. ભીખુભાઈ તથા સ્વ. તારાબેન પટેલ – બોરીના સ્મરણાર્થે, હસ્તે ગાયત્રીબેન રોહિતભાઈ પટેલ |
| ૨૫. | ૩૦–૯–૧૫ | અશા | ઝઘડિયા | સ્વ. મંજુલાબેન અશોકભાઈ ઠકકર – અમદાવાદ તથા શ્રી સદ્‌ગુરુધામ નિલોર્ભી આશ્રમ – અશા |

**નોંધ** :

- ડિસ્ટ્રીકટ બ્લાઈન્ડનેશ કંટ્રોલ સોસાયટી – ભરૂચ (ટ્રાન્સપોર્ટેશન ખર્ચ માટે) સહયોગ મળેલ છે.
- Host- હરિ ઓમ સેવા ટ્રસ્ટ– વડોદરા તથા જે તે ગામની પ્રાથમિક શાળા / હાઈસ્કુલનો સહયોગ મળેલ છે એ બદલ આભાર.

## કોમ્યુનીટી હેલ્થ પ્રોજેક્ટ

- ImTeCHO પ્રોજેક્ટનો ઉત્તરોત્તર વિકાસ થઈ રહ્યો છે. હવે પછીના ત્રણ વર્ષોમાં લગભગ ૭૫૦ જેટલા ગામડાઓને આવરી લેતા આ પ્રોજેક્ટના વધતા માનવ અને અન્ય સંસાધનોને માટે વધુ જગ્યાની જરૂર અનુભવાતી રહી છે. આ સંદર્ભે સેવા રૂરલ કેમ્પસમાં જ હયાત જગ્યાનું રીનોવેશન કરીને નવી સી.એચ.પી. ઓફિસ બનાવવામાં આવી છે. નવી ઓફિસનું ઉદ્‌ઘાટન ૩ ઓગષ્ટના રોજ આદિવાસી ધાત્રી માતા દ્વારા થયું. ઉદ્‌ઘાટન પ્રસંગે ભજન, નાનુ વાંચન અને હવે પછીના આયોજનની વાત હાજર કાર્યકરો સાથે થઈ.
- તા. ૮ ઓગષ્ટનાં રોજ ડો. વિનોદ રાય (મેનેજીંગ ડીરેકટર, નેશનલ હેલ્થ મિશન, ગુજરાત સરકાર) સેવા રૂરલની મુલાકાતે આવ્યા. સેવા રૂરલની આરોગ્યલક્ષી પ્રવૃત્તિની ડો. વિનોદ રાયે નોંધ લઈને સંસ્થાના કાર્યોને બિરદાવ્યા. ઝઘડિયા ઉપરાંત ગુમાનદેવ ખાતે આરોગ્ય તાલીમ અને રીસોર્સ સેન્ટરની મુલાકાત લઈ ImTeCHO પ્રોજેક્ટની આશા તાલીમની નોંધ લીધી. તેમની સાથે નેશનલ ઈન્ફોર્મેટીક સેન્ટર (NIC) ની ટીમ શ્રીઆનંદ શાહ અને શૈલેષ ખાનેશાએ પણ મુલાકાત લીધી, ImTeCHO પ્રોજેક્ટની ફિલ્ડ વિઝિટ અને ચર્ચાઓ દ્વારા ઝીણવટપણે અભ્યાસ કર્યો.
- તા. ૨૦ ઓગષ્ટથી ૧૯ સપ્ટે ૧૫ દરમ્યાન શ્રી મહારાજા કૃષ્ણકુમાર યુનિવર્સિટી, ભાવનગરથી માસ્ટર ઓફ સોશ્યલ વર્ક (MSW) ના બીજા વર્ષમાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થી કેન્દ્ર નિવાસમાં આવ્યા. તેઓએ સેવા રૂરલની કોમ્યુનિટી હેલ્થ પ્રોજેક્ટમાં ચાલતી તાલીમ કાર્યક્રમમાં સ્વાનુભવ મેળવ્યો.
- નર્મદા અને ભરૂચ જિલ્લાનાં આદિવાસી વિસ્તારની પાંચ લાખ વસ્તીમાં માતૃબાળ મરણ અને કુપોષણ ઘટાડવા અને તેનું વૈજ્ઞાનિક ઢબે સંશોધન કરવા માટે ImTeCHO પ્રોજેક્ટને માર્ચ ૨૦૧૫થી અમલમાં મુકવામાં આવ્યો છે કે જેમાં 'ઈન્ડીયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચ (ન્યુ દિલ્હી) તરફથી મોટી આર્થિક અને ટેકનીકલ સહાય પ્રાપ્ત થઈ છે. આ ઉપરાંત, જહોન ડી અને કેથરીન ટી. મેકાર્થર ફાઉન્ડેશન પણ આર્થિક સહયોગ આપવાનું સપ્ટે ૧૫થી શરૂ કર્યું છે, જેના માટે અમે તેઓના ખૂબ આભારી છીએ.
- સેવા રૂરલનાં ૩૫ વર્ષોમાં આરોગ્યલક્ષી કાર્યક્રમોને સમજવા જમશેદજી ટાટા ટ્રસ્ટ, મુંબઈથી ૧૨ તજજ્ઞોની ટીમ શૈક્ષણિક પ્રવાસમાં તા. ૧૪–૧૬ સપ્ટે ૧૫ દરમ્યાન ઝઘડિયા આવી. તેઓએ ફીલ્ડ વિઝિટ, હોસ્પિટલ વિઝિટ અને ચર્ચા દ્વારા આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓનો ઊંડો અભ્યાસ કર્યો. સેવા રૂરલનાં કાર્યક્રમોને બિરદાવ્યા અને કેટલાક સુધારાત્મક સૂચનો આપ્યા.
- ImTeCHO પ્રોજેક્ટ સંદર્ભે માતા અને બાળ મૃત્યુની માહિતી લેવા માટે, સ્ટડી એરીયામાં ૨૨ પી.એચ.સી. ના કુલ ૬૫૦ ગામોમાં ૨૨ ડેટા કલેકટર બહેનોએ તા. ૧૦ ઓગષ્ટ ૧૫થી સર્વેલન્સ ચાલુ કરેલ છે.

ડેટા કલેકટર બહેનોની તાલીમ તા. ૪ ઓગષ્ટ ૧૫ થી ૮ ઓગષ્ટ ૧૫ તથા તા. ૨૪ ઓગષ્ટ ૧૫ થી ૨૭ ઓગષ્ટ ૧૫ એમ બે ભાગમાં થયેલ. ૨૨ ડેટા કલેકટર બહેનો ડેટા કલેકટર સુપરવાઈઝર ફિલ્ડમાં સપોર્ટ આપી રહ્યા છે.

## તાલીમ કાર્યક્રમ

| સંસ્થા | તાલીમાર્થી પ્રકાર | વિષય |
|---|---|---|
| પ્રા. આ. કેન્દ્ર સોલીયા | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ તાલીમ |
| પ્રા. આ. કે. ખરેઠા, પ્રા. આ. કે. કરા, પ્રા.આ.કે. ગોવાલી, સેવા રૂરલ, ઝઘડિયા | એ.એન.એમ, સ્ટાફ નર્સ | સ્કીલ બર્થ અટેન્ડન્ટ |
| વલસાડ રકતદાન કેન્દ્ર, વલસાડ | લીક વર્કર, આશા કાર્યકર આશા સુપરવાઈઝર | માતૃબાળ સંભાળ ક્ષમતાવર્ધન |
| પ્રા. આ. કેન્દ્ર ડહેલી | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર સોલીયા | આશા કાર્યકર | ImTeCHO તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર થવા | આશા કાર્યકર | ImTeCHO તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર ચાસવડ | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર ગુંદીયા | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર થવા | આશા કાર્યકર | ImTeCHO તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર સેજપુર | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ તાલીમ |
| પ્રા. આ. કે. થવા, પ્રા. આ.કે. માંડવા, પ્રા.આ.કે. અંકલેશ્વર અર્બન, સેવા રૂરલ, ઝઘડિયા | એ. એન. એમ. જી. એન. એમ. સ્ટાફ નર્સ | માતૃબાળ સંભાળ તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર કરા | આશા કાર્યકર | ImTeCHO તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર ખૈડીપાડા | આશા કાર્યકર | ImTeCHO તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર ઝરીયા | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર બોરીયા | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર તરોપા | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર કરા | આશા કાર્યકર | ImTeCHO તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર અર્બન અંકલેશ્વર, પ્રા. આ. કેન્દ્ર, માંડવા, પ્રા. આ. કેન્દ્ર, થવા | સ્ટાફ નર્સ, જી. એન. એમ. | સ્કીલ બર્થ અટેન્ડન્ટ |

## વર્કશોપ, સેમીનારમાં જોડાયા

| તારીખ | સંસ્થા | વિષય |
|---|---|---|
| ૧૩ થી ૧૫ જુલાઈ ૧૫ | જી. એન. એફ.સી., ભરૂચ | ફાયર સેફટી |
| ૨૦ – ૨૧ જુલાઈ ૧૫ | ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગર | PGDPHM Exam. |
| ૨૨ – ૨૪ જુલાઈ ૧૫ | નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ પબ્લિક કોર્પોરેશન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ, ન્યુ દિલ્હી | પબ્લિક હેલ્થ ચેમ્પિયન એવોર્ડ. |
| ૨૪ જુલાઈ ૧૫ | ભરૂચ ડીસ્ટ્રીકટ મેનેજમેન્ટ એસોસીએશન ( BDMA ) ભરૂચ | તાલીમકારો માટેની તાલીમ |

| તારીખ | સંસ્થા | વિષય |
|---|---|---|
| ૨ ઓગષ્ટ ૧૫ | અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (AMA) (કાંગારૂ મધર કેર ફાઉન્ડેશન, અમદાવાદ) | કાંગારૂ કરે ફાઉન્ડેશન સ્થાપના કાર્યક્રમ |
| ૫ ઓગષ્ટ ૧૫ | બોચાસણ અક્ષરપુરુષોત્તમ, ભઈલાલ અમીન, વડોદરા | હાઉસ કીપીંગ |
| ૮ ઓગષ્ટ ૧૫ | ગુજરાત સેફટી કાઉન્સીલ, વડોદરા | કેમીકલ ઈન્ડસ્ટ્રીમાં સેફટી. |
| ૧૦ ઓગષ્ટ ૧૫ | આર. એન. પટેલ વિદ્યાલય (સરભાણ) ભરૂચ | જાતીય સતામણી |
| ૧૮ ઓગષ્ટ ૧૫ | ગુજરાત વિદ્યાપીઠ (જનપથ નેટવર્ક), અમદાવાદ | FCRA ઈન્કમટેક્ષ, ટી.ડી.એસ., ટ્રસ્ટ એકટ હેઠળના નિયમોમાં થયેલા ફેરફારો |
| ૨૦–૨૨ ઓગષ્ટ ૧૫ | નેશનલ અલાયન્સ ફોર મેટરનલ હેલ્થ, હ્યુમન રાઈટસ (NAMHHR, Delhi) | મેટરનલ હેલ્થ ઈન ટ્રાઈબલ એરીયા |
| ૨૪–૨૫ ઓગષ્ટ ૧૫ | ASPIRE CIRCEL, IIM-A, અમદાવાદ | ચેલેન્જીસ ઈન સોશ્યલ લીડરશીપ |
| ૨૫ ઓગષ્ટ ૧૫ | અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન(AMA), અમદાવાદ | સેલ્ફ ડેવલપમેન્ટ |
| ૨૮–૩૦ ઓગષ્ટ ૧૫ | ઓપ્થલમીક એસોસીએશન, મુંબઈ | એન્યુઅલ કોન્ફરન્સ |
| ૧–૩ સપ્ટે. ૧૫ | આરોગ્ય વિભાગ, ગાંધીનગર | ચિંતન શિબિર, Im TeCHO પ્રોગ્રામ પ્રેઝેન્ટેશન |
| ૧૨ સપ્ટે. ૧૫ | અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (AMA) અમદાવાદ | યુથ એમ્પાવરમેન્ટ |
| ૧૯ સપ્ટે. ૧૫ | અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (AMA) અમદાવાદ | હાઉસકીપીગ |
| ૨૬ સપ્ટે. ૧૫ | અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (AMA) અમદાવાદ | ફર્સ્ટ એઈડ |

## વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર

- તા.૧ જુલાઈ ૧૫ના રોજ ૧૦૪ વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવ સાથે ૩૧મી બેચની શરૂઆત કરવામાં આવી. આ પ્રસંગે વિજીટીકે દ્વારા ત્રિમાસિક મેગેજીન "વિવેક સુવાસ"નું વિમોચન અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખશ્રી ચંદ્રેશભાઈ દેવાણી તેમજ ભરૂચના પ્રાયોજના વહીવટદાર શ્રી એસ. એલ. ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે વાલીશ્રીઓ તેમજ વિજીટીકે અને સેવા રૂરલના કાર્યકરો હાજર રહ્યા.
- ૧ થી ૧૫ જુલાઈ ૧૫ દરમિયાન તાલીમાર્થીઓનો ફાઉન્ડેશન કોર્ષ શરૂ કરવામાં આવ્યો.
- તા. ૨ જુલાઈ ૧૫ના રોજ ગુરુ શિષ્ય સંબંધ અને છાત્રાલય શિક્ષણ પર ઉમલ્લાના નિવૃત્ત આચાર્યશ્રી જયંતિભાઈ પંડયા દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું.
- તા. ૯ થી ૧૧ જુલાઈ ૧૫ દરમ્યાન શ્રી યશવંતભાઈ જોષી (ઉન્નત સંસ્થા,

વડોદરા) દ્વારા "યુવા ઉત્કર્ષ" શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં શારીરિક તંદુરસ્તી તેમજ મન અને તેના વિકાસની પ્રાથમિક વાતો અને શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગરૂપે પણ ઘણી પ્રવૃત્તિઓ કરવામાં આવી.

- તા. ૮ જુલાઈ ૧૫ના દિને ૩૧મી બેચના વિદ્યાર્થીઓએ નજીક આવેલા કડિયા ડુંગરનો પ્રવાસ માણ્યો.
- તા. ૮ જુલાઈ ૧૫ના રોજ વિજીટીકે કેમ્પસમાં વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યું.
- તા. ૯ થી ૧૧ જુલાઈ ૧૫ દરમ્યાન વિજીટીકેના સ્ટાફનો શૈક્ષણિક પ્રવાસ જુનાગઢ નજીક આવેલ ચાપરડા ગામે ગોઠવવામાં આવ્યો. અહીં "બ્રહ્માલય વિદ્યાધામ" સંસ્થા દ્વારા ચાલતી વિવિધ સેવાલક્ષી પ્રવૃત્તિઓ જેવી કે વૃધ્ધાશ્રમ, હોસ્પિટલ, ગૌશાળા, અંધશાળા, પ્રાથમિક– માધ્યમિક–ઉચ્ચતર માધ્યમિક તેમજ MCA-BCA વગેરે આવાસીય શાળાઓની પ્રવૃત્તિઓ નજીકથી જાણવા મળી હતી. તેમજ આ સંસ્થા દ્વારા આસપાસમાં ચાલતી સેવાલક્ષી પ્રવૃત્તિઓ જેમાં અનાજ કીટ અને દત્તક શાળાનો પ્રયોગ ખૂબ જ સરાહનીય લાગ્યો. આ સંસ્થા દ્વારા અન્ય જગ્યાએ પણ સેવાલક્ષી પ્રવૃત્તિઓ ચાલે છે જેમાં ગાંધીનગરમાં "કૈલાસધામ વૃધ્ધાશ્રમ" અને કચ્છમાં આશ્રમશાળા વગેરે પણ જોયા.
- તા. ૨૦ જુલાઈ ૧૫ના રોજ ઈલેકટ્રીકલ ટ્રેડમાં 'ઈલેકટ્રીસીટીની પ્રાથમિક સમજ' માટે સુરતથી શ્રી નિનાદભાઈ દેસાઈ (ઈલે. એન્જી.) આવ્યા હતા. આ રીતે શ્રી નિનાદભાઈ મહિનામાં એકવાર વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ માટે સુરતથી આવે છે.
- તા. ૧૩–૧૪ જુલાઈ ૧૫ દરમ્યાન જી. એન. એફ. સી. માં "સેફટી" સંદર્ભે કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલું જેમાં વીજીટીકેના ઈન્સ્ટ્રકટરોએ ભાગ લીધો. 'આગ લાગવી', 'વેલ્ડીગ વખતની સાવચેતી અને ઈલેકટ્રીકલ સાવચેતી' પર ચર્ચાઓ અને નિર્દેશન કરવામાં આવ્યાં.
- તા. ૨ જુલાઈ ૧૫ના દિને થર્મેકસ કંપની પૂનાથી માનવેન્દ્રનાથ સન્યાલ (સીનીયર મેનેજર– આઉટરીચ પ્રોગ્રામ) ટેકનીકલ તાલીમ કેન્દ્રની મુલાકાતે આવ્યા. હાલમાં આ કંપની ઝઘડિયા જી.આઈ.ડી.સી. માં આવી છે અને તેઓના ટેકનોક્રેટસ –સેવા રૂરલને મદદરૂપ બનવાની તૈયારી દર્શાવી છે.
- તા. ૨૪ જુલાઈ ૧૫ને સ્મોલ ગ્રુપની મિટિંગ રાખવામાં આવેલ, જેમાં ૩૧મી બેચના પ્રવેશ અંગેની વિવિધ આંકડાકીય માહિતી આપવામાં આવી.
- તા. ૨૫ જુલાઈ ૧૫ના રોજ ચાલુ બેચ નં. ૩૧ને ટર્નર, મશીનિષ્ટ ટ્રેડના વિદ્યાર્થીઓને અંકલેશ્વરની જે. પી. એન્જીનિયર કંપનીમાં વિઝિટમાં લઈ ગયા. જેનો હેતુ હાલમાં નવા આવેલા વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીઝ શું છે ? કંપની કોને કહેવાય? વિજીટીકેમાં આપવામાં આવતી ટ્રેનીંગ, નાના મશીનો અને નાના જોબ બનાવવાનો છે, તેને ધ્યાનમાં લઈ ઈન્ડસ્ટ્રીઝમાં મોટા મશીન અને મોટી સાઈઝના જોબ કઈ રીતે બનાવવામાં આવે છે? કેવી રીતે સલામતી રાખવી અને મશીનો ઉપર અલગ અલગ પ્રકારનાં કામ કરવામાં ઓપરેટરે કામનું ધ્યાન અને મશીન સેફટીનું ધ્યાન કઈ રીતનાં રાખવું, આવા અનેક પ્રકારનાં હેતુઓને ધ્યાનમાં લઈ ઈન્ડસ્ટ્રીઝ વિઝિટ કરાવી.
- તા. ૩૦ જુલાઈ ૧૫ના રોજ ગુરૂપૂર્ણિમાના દિવસે બધા જ તાલીમાર્થીઓ દરેક શિક્ષકગણને સ્વયંભૂ પગે લાગ્યા. સવારની આ પ્રવૃત્તિને ધ્યાનમાં રાખી તાલીમાર્થીઓ સાથે ગુરૂ અને શિષ્યની વિગતવાર વાત કરવામાં આવી અને પ્રેરણાદાયી વાંચન કરવામાં આવ્યું.
- તા. ૫ ઓગષ્ટ ૧૫ના "શૈક્ષણિક પ્રદર્શન"ના ભાગરૂપે પ્રિન્ટીંગ ટ્રેડમાં દરેક ટ્રેડના વિદ્યાર્થીઓએ પ્રિન્ટીંગ સંદર્ભે માહિતી મેળવી અને પ્રિન્ટીંગનું મહત્વ તેમજ તેની કામગીરીનો પરિચય કેળવ્યો.
- તા.૮ ઓગષ્ટ ૧૫ને એન્વાયરમેન્ટ કમ કેમીકલ પ્લાન્ટ ઓપરેટર ટ્રેડ (ECCPO) ના વિદ્યાર્થી–

ઓને શ્રી ગોહીલ (GNFC) દ્વારા ઈન્ડસ્ટ્રીયલ સેફટી વિષે સમજ આપવામાં આવી.

- તા. ૮ ઓગષ્ટ ૧૫ને HMP ફાઉન્ડેશન સંચાલિત વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર ખરોડ (અંકલેશ્વર)ના પ્રિન્સપાલ તેમજ ત્યાંના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ વિજીટીકેની મુલાકાત લીધી.
- તા. ૮ ઓગષ્ટ ૧૫ને ઈલેકટ્રીકલ કમ મોટર રીવાઈન્ડીગ ટ્રેડ (ECM) અને વેલ્ડર ટ્રેડના તાલીમાર્થીઓને અંકલેશ્વર જી.આઈ.ડી.સી. માં અખીલ ઈન્ડસ્ટ્રીઝ અને વિકિતા ઈન્ડસ્ટ્રીઝની વિઝિટ કરાવી. કામ કરવાની પધ્ધતિ કેવી હોય છે? ઈન્ડસ્ટ્રીઝમાં રાખવામાં આવતી સલામતી/સેફટીના કેવા નિયમો અને કેવા સાધનો વપરાયા છે ? વિગેરે બાબતોનો પરિચય વિદ્યાર્થીઓને કરાવ્યો.
- તા. ૧૧ થી ૧૪ ઓગષ્ટ ૧૫ દરમ્યાન શ્રી યશવંતભાઈ જોષી દ્વારા "જીવન ઉત્કર્ષ " શિબિરનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં સ્વાધ્યાયપોથી અંતર્ગત તાલીમાર્થીઓ સાથે જીવન ઘડતર પૈકીના કેટલાક વિષયો લેવામાં આવ્યા. તદ્ઉપરાંત ૧૫મી ઓગષ્ટના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી માટે સ્કાઉટની પ્રેકટીશ અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં આદિવાસી નૃત્ય લયબધ્ધ રીતે શીખવવામાં આવ્યું.
- તા. ૧૫મી ઓગષ્ટના સ્વાતંત્ર પર્વે, ટર્નર ટ્રેડના વિદ્યાર્થી રાજેશભાઈ ઈરમાભાઈ વસાવાના હાથે ધ્વજવંદન કરવામાં આવ્યું. આ ઉપરાંત વિદ્યાર્થીઓની પરેડ અને આદિવાસી લોકનૃત્યની કૃતિ સૌએ નિહાળી.
- તા. ૧૩–૧૪ ઓગષ્ટ ૧૫ દરમ્યાન શ્રી ફાલ્ગુનભાઈ શેઠ, શૈશવ ભાવનગર દ્વારા ઈન્સ્ટ્રકટર્સ સાથે કલાસરૂમ ટીચીગ અને તરૂણ તાલીમાર્થીઓની મનઃસ્થિતિ કેમ સમજવી તે સંદર્ભમાં બે દિવસની શીબીરનું આયોજન કરવામાં આવ્યુ.
- તા. ૧૪ ઓગષ્ટ ૧૫ વિજીટીકેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના બનેલા વિવેક મિત્રમંડળના કારોબારી સભ્યોનો પ્રવાસ માલસામોટ ગોઠવવામાં આવ્યો જેમાં સૌ સભ્યોએ ત્યાના કુદરતી સૌદર્યને માણ્યું. એકબીજાની નિકટ આવ્યાં, પરિચય કેળવ્યો.
- તા. ૨૫ ઓગષ્ટ ૧૫ના રોજ એન્વાયરમેન્ટ પ્લાન્ટ ઓપરેટર અને પ્રિન્ટીંગ ટ્રેડના વિદ્યાર્થીઓને અંકલેશ્વરમાં એન્વાયરો ટેકનોલોજી લીમીટેડ (E.T. L.) અને મૃગલ ઈન્ડસ્ટ્રીઝની મુલાકાત કરાવી, જેમાં ઈન્ડસ્ટ્રીઝ કેવી હોય, કેવા પ્રકારના કામો થાય છે ? તથા કેવા મશીનો હોય, પ્રદૂષિત પાણી પર થતી પ્રક્રિયા, લેબોરેટરીમાં કયા કયા પ્રકારના અનુમાપનો થાય છે, પ્રદુષણ અને હાનિકારક રસાયણો વિશે પણ ઘણી માહિતી વિદ્યાર્થીઓને મળી.
- તા. ૨૭ ઓગષ્ટ ૧૫ને ટયુટોરિયલ વિભાગ દ્વારા વિજીટીકેના વિદ્યાર્થીઓ માટે રક્ષાબંધનનો કાર્યક્રમ રાખવામાં આવેલો. નાની બાળાઓએ પોતે બનાવેલ રાખડી વિજીટીકેના વિદ્યાર્થીઓને ભાઈ બનાવી બાંધી. સાથે સાથે ટયુટોરિયલ સ્ટાફની બહેનોએ ઈન્સ્ટ્રકટર ભાઈઓને રાખડી બાંધી. આ પ્રસંગને અનુરૂપ વાંચન શિક્ષિકા જૈમીનીબેન વ્યાસે કર્યુ.
- તા. ૪ સપ્ટે ૧૫ "શિક્ષક દિન"ની ઉજવણી કરવામાં આવેલ જેમાં વિજીટીકેના તમામ સ્ટાફના રોલ વિવિધ ટ્રેડના તાલીમાર્થીઓ એ નિભાવ્યાં.
- તા. ૮ સપ્ટે ૧૫ ના રોજ વિદ્યાર્થીઓને મનોરંજન પ્રવાસના ભાગરૂપે રાજપીપલા નજીકમાં આવેલ પોઈચા મુકામે આવેલ સ્વામીનારાયણ મંદિરે લઈ ગયા.
- તા. ૧૦ સપ્ટે ૧૫ ના રોજ વેલ્ડર ટ્રેડમાં શ્રી સુદામાભાઈ (વેલ્કીન ઈન્ડસ્ટ્રી –અંકલેશ્વર) દ્વારા પ્રેકટીકલ વેલ્ડીગ તાલીમ આપવામાં આવી હતી. શ્રી સુદામાભાઈ દર અઠવાડિયે વિજીટીકે તાલીમ આપવા આવી રહ્યા છે.
- તા. ૧૫ સપ્ટે ૧૫ના રોજ ઈલેકટ્રીક ટ્રેડ દ્વારા એક પ્રદર્શન રાખવામાં આવ્યું. જેમાં અન્ય દરેક ટ્રેડના તાલીમાર્થી જોડાયા. સોલાર ઊર્જા, મોટર રીવાઈન્ડીગ તેમજ હાઉસ વાયરીંગ સંદર્ભે વિસ્તૃત સમજ આપવામાં આવી.
- તા. ૧૮ સપ્ટે. ૧૫ ના રોજ વિજીટીકેની લાયબ્રેરી દ્વારા "પુસ્તક પ્રદર્શન"નું આયોજન કરવામાં આવ્યું જેમાં દરેક વિદ્યાર્થી અને સ્ટાફે લાયબ્રેરીમાં આવેલ તમામ પુસ્તકોનું પ્રદર્શન જોયું અને પુસ્તકોનું વિસ્તરણ પણ તાલીમાર્થીને કરવામાં આવ્યુ.

## શારદા મહિલા વિકાસ સોસાયટી

### વહીવટી સંચાલન

- સોસાયટીના સંચાલનમાં ગ્રામ્યસ્તરની સહયોગી બેનો, સ્ટાફ કાર્યકરો અને રસ ધરાવતા, અનુભવી મહિલા નિષ્ણાતો સાથે ચર્ચા–વિચારણા કરવામાં આવે છે. આ ત્રણ માસ દરમ્યાન પાપડ વિભાગમાં કામ ઓછુ રહેવાથી સ્ટાફમાં ઘટાડો તેમજ અન્ય ખર્ચ ઓછો કરવાનું પ્લાનીગ કર્યુ. ઈન્ટરનલ ઓડિટ, સહયોગી શિબિર તેમજ અન્ય મિટિંગોનું પ્લાનીગ કરવામાં આવ્યુ. વિભાગીય પ્રશ્નો અને મુશ્કેલીઓની ચર્ચા કરી નિર્ણયો લેવામાં આવ્યા. કારોબારી અને નિયામક મિટિંગમાં ૨૦૧૪–૧૫માં ઓડિટ હિસાબો મંજૂર કર્યા અને વાર્ષિક કામગીરીનું પ્રેઝેન્ટેશન કરવામાં આવ્યુ.
- અમદાવાદની એક મોટી કંપનીમાં માર્કેટીગની જવાબદારી સંભાળતા કિરીટભાઈ મોદી નિવૃત્ત થયા બાદ વર્ષ ૨૦૦૮માં સંસ્થામાં જોડાયા. મહિલાઓ માટે અને મહિલા વડે કાર્યરત સંસ્થામાં એક અનુભવી ભાઈ સાડા સાત વર્ષ કામ કર્યા બાદ સામાજિક કારણોસર છૂટા થયા. એમની સાથે કામ કરતાં ઘણું જાણવા અને શીખવાનું તો મળ્યુ જ પરંતુ સંસ્થામાંથી છૂટા કેવી રીતે થવાય તે પણ બધાને શીખવતાં ગયા. ૪–૫ મહિના પહેલા છૂટા થવાનો નિર્ણય જાહેર કરીને પોતે સ્વીકારેલી વિવિધ જવાબદારી એમના અનુગામીને શીખવીને તેને વ્યવસ્થિત રીતે સોંપી છુટા થયા. પ્રભુ એમને તંદુરસ્તી બક્ષે એ જ અભ્યર્થના !

## મહિલા જાગૃતિ કાર્યક્રમ શિબિરો

- તા. ૨૬ ઓગષ્ટ ૧૫ના રોજ જાગૃતિ શિબિરમાં સહયોગી બહેનો, સ્ટાફ મળી કુલ ૧૩૦ બહેનો સહભાગી બની. વિશ્વ આરોગ્ય સંસ્થાની વર્ષ ૨૦૧૫ – ૧૬ની થીમ "ફાર્મ ટુ પ્લેટ" એટલે કે ખેતરેથી આપણી થાળી સુધી ખોરાક પહોંચે તે દરમ્યાન કેવી સ્થિતિમાંથી પસાર થાય છે, વિવિધ પ્રક્રિયામાંથી પસાર થતા ખોરાકના પોષક તત્વો જળવાઈ રહે તે રીતે તેની સાચવણી કરવી તે આપણા સૌની જવાબદારી છે, તેની પાવર પોઈન્ટના માધ્યમથી માહિતી આપી. ખોરાકનુ કામ અને પોષણ મૂલ્યો જાળવી રાખવાના મુદ્દા સમજાવી વધુ સ્પષ્ટતા થાય તે માટે "સ્વાસ્થ્યકર ભોજન" વીડિયો બતાવી તેના પર ચર્ચા કરી.
- તા. ૨૬ સપ્ટે ૧૫ ની સહયોગી શિબિરમાં "પેરેન્ટીગ ફોર પીસ" વિષય સહયોગી બહેનોને રમત, પાવર પોઈન્ટ, વીડિયો કલીપીંગના માધ્યમથી સમજાવ્યુ. ત્યારબાદ પોઈચા – સ્વામીનારાયણ મંદિરનો નાનકડો પ્રવાસ કર્યો. સહયોગી બહેનો સાથે બેસી સમૂહ ભોજન પણ લીધુ.

### સ્વરક્ષણ તાલીમ

- તા. ૧૦ સપ્ટે ૧૫ના રોજ સરભાણ શ્રી આર. એન વિદ્યાલય – સરભાણ શાળાના આમંત્રણને માન આપી ધોરણ ૭ થી ૧૨ ની કુલ ૧૭૦ કિશોરીઓ સાથે જાતીય સતામણી અને સ્વબચાવ માટેનુ એક દિવસીય શેષન લીધુ.અપડાઉન કરતી કિશોરીઓ માટે સ્વબચાવના મુદ્દા ખુબ કામ લાગશે તેમ શિક્ષિકા બહેનોએ પ્રતિભાવ આપ્યાં.

* મહિલા વિકાસ અને સશકિતકરણ તથા બાળકોના પૂરક શિક્ષણ અને વિકાસના કામો સેવા રૂરલ હેઠળ થતાં હતાં જે હવે કેમ્પસમાં આવેલી સ્વતંત્ર સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી હેઠળ જુલાઈ ૨૦૦૨થી થઈ રહ્યા છે.

- તા. ૨૮, ૨૯ સપ્ટે ૧૫ દરમ્યાન કમ્પ્યુટર તાલીમાર્થી ૧૮ અને શિવણ તાલીમાર્થી ૧૦ મળી કુલ ૨૮ વ્યકિતઓની બે દિવસીય સ્વરક્ષણ તાલીમ લીધી.

## બાળકેળવણી

- તા. ૩૧ જુલાઈના રોજ ગુરુ પૂર્ણિમા હોવાથી બાળકોને મણિનાગેશ્વર પ્રવાસે લઈ ગયા, જયાં બાળકોએ શિવજીના દર્શન કર્યા, ત્યાં મંદિરમાં સ્વામીજીની ગુરુ તરીકે પૂજા થતી હતી, ત્યાં બાળકોએ પણ ગુરુની પૂજા કરી અને ગુરુ પૂર્ણિમાંનું મહત્વ સમજયાં, પ્રસાદીરૂપે ભોજન લઈ પરત આવ્યાં.
- તા. ૬ ઓગષ્ટના રોજ ટયુટોરિયલમાં નવા આવનાર બાળકોનો પ્રવેશોત્સવ રાખ્યો, જેમાં જૂના બાળકોએ નવા વિદ્યાર્થીઓનુ કંકુથી તિલક કરી સ્વાગત કર્યું. ટયુટોરિયલ પ્રવૃત્તિઓની વાત કરી, નિયમિત આવવા માટે સમજાવ્યું અને બાળકોને ઉપયોગી થાય એ માટે તેમને બટન, હુંક, સોય અને દોરાની કીટ બનાવીને આપી.
- તા. ૮ ઓગષ્ટ ૧૫ના રોજ 'વર્લ્ડ સીનીયર સીટીઝન ડે' ની ઉજવણીરૂપે બાળકોને માહિતી આપી કે જેમની ઉંમર ૬૦ વર્ષની ઉપર હોય તેમના માટે આ દિવસ ઉજવવામાં આવે છે. તેમનું સ્વાસ્થ્ય સારું રહે તેવી પ્રાર્થના કરી સીનીયર સીટીઝનને શુભેચ્છા પાઠવી.
- તા. ૫ થી ૧૦ ઓગષ્ટ સુધી ટયુટોરિયલમાં ધોરણ ૧ થી ૮માં નવા આવનાર બાળકોની દાકતરી તપાસ કરાવી. તપાસ પૂરી થયા બાદ એનાલીસીસ કરી તારણ કાઢી એ પ્રમાણે સારવાર આપી.
- તા. ૧૫ ઓગષ્ટની સ્વાતંત્ર્ય દિનની ઉજવણી તા.૧૪ ઓગષ્ટના રોજ કરવામાં આવી. તેમાં રાષ્ટ્રિય તહેવારો અને રાષ્ટ્ર ધ્વજ વિશે માહિતી આપી સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરી.
- તા. ૨૪, ૨૫ અને ૨૮ ઓગષ્ટના રોજ રક્ષાબંધન નિમિત્તે બાળકોને રાખડી બનાવતા શીખવાડયું અને વિજીટીકેના વિદ્યાર્થીઓને અને ટયુટોરીયલ છોકરાઓને ટયુટોરીયલ બાળાઓએ રાખડી બાંધી પેંડાથી મીઠુ મો કર્યુ.
- તા. ૨૫ સપ્ટે ૧૫ના રોજ ધોરણ ૧ થી ૪ અને તા.૨૬ સપ્ટે ૧૫ના રોજ ધો. ૫ થી ૮ ના બાળકોની શિબિર રાખવામાં આવી. જેમાં બાળકોના ગ્રુપ પાડી સર્જનાત્મક પ્રવૃત્તિ, રમતગમત, ઉપરાંત ભૂગોળ અને વિજ્ઞાનને લગતી પ્રવૃત્તિઓ કરાવી, છાપકામ, હુક બટન ટાંકતા શીખવાડયું, ગુજરાતનો નકશો, શરીરના અંગો જોડવા જેવી પ્રવૃત્તિ કરાવી. બપોરના ભોજન બાદ બાલ ગણેશા એનિમેશન ફિલ્મ બતાવી.

## ગ્રામ્ય વિસ્તારની પ્રવૃત્તિ

- સ્થાનિક ટયુટોરિયલ વર્ગમાં અભ્યાસકીય તેમજ જીવન ઘડતરની પ્રવૃત્તિ ચાલે છે. આટલા વર્ષના અનુભવ પછી ગામડાના બાળકોને પણ કાંઈ કરાવી શકાય એ હેતુથી જૂન ૧૪ થી ઝઘડિયા તાલુકાની ૧૨ શાળાઓમાં પાયાનું શિક્ષણ, ભાષા, ગણિત – વિજ્ઞાન, અન્ય જીવન ઘડતરની પ્રવૃત્તિઓ, મૂલ્યલક્ષી શિક્ષણ જેવા વિષયોનું શિક્ષણ આપવાના પ્રયત્ન શરૂ કર્યા છે.

શરૂઆતમાં અમને ગામડાઓમાં જવા માટે અમારી સંસ્થાના વ્હીકલનો સહકાર મળ્યો. આખા વર્ષના અનુભવને આધારે આ પ્રવૃત્તિ હવે ભવિષ્યમાં પણ ચાલુ રાખવી એવો નિર્ણય કર્યો તેથી મોબાઈલ વાનની જરૂરિયાત જણાઈ. તેને ધ્યાનમાં લઈ 'વાઘ બકરી ચા'

પરિવાર તરફથી મોબાઈલ વાન દાનમાં મળી જેનુ ઉદ્દ્ઘાટન **તા. ૪ જુલાઈ ૧૫**ના રોજ આમલઝર ગામમાં કરવામાં આવ્યું જેમાં વાઘ બકરી પરિવારના સભ્યો, આમલઝર ગામની શાળાના આચાર્ય, શિક્ષકો તથા ગામના આગેવાનો તથા આપણી સંસ્થાના વડીલો, સહકાર્યકર ભાઈ બહેનોએ હાજરી આપી.

- તા. ૨૨, ૨૪, ૨૭ ઓગષ્ટ ૧૫ના રોજ આ વર્ષે નવા લીધેલ ગામ જેમાં ગુંડેચા–૧, ગુંડેચા–૨, માલપોર, સંજાલીમાં કુલ ૩૯૬ બાળકોને ઊનમાંથી રાખડી બનાવવાની પ્રવૃત્તિ કરાવી.
- મોબાઈલ વાન પ્રવૃત્તિમાં જુલાઈ, ઓગષ્ટ, સપ્ટેમ્બર માસમાં ૬ રાઉન્ડમાં કુલ ૩૩૭૯ બાળકોને ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી જેવા વિષયોમાં શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરી રમતાં– રમતાં અભ્યાસકીય પ્રવૃત્તિઓ તેમજ અન્ય પ્રવૃત્તિમાં રાખડી બનાવવાની , રાષ્ટ્રધ્વજ દોરાવી રંગ પૂરવણી જેવી પ્રવૃત્તિ કરાવી.

## કિશોર–કિશોરી કાર્યક્રમ

### શિબિર

- જુલાઈ માસમાં કિશોર કિશોરી સાથે શિબિરમાં એનીમીયા, સીકલસેલ એનીમીયા વિષય પર જાણકારી આપી. જેમાં ૫૩ કિશોરીઓ અને ૭૦ કિશોરો સહભાગી બન્યા.
- ઓગષ્ટ અને સપ્ટેમ્બરમાં કિશોર કિશોરી શિબિરમાં પ્રાથમિક સારવાર અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિષય પર જાણકારી આપી. જેમાં ૪૫ કિશોરીઓ અને ૬૦ કિશોરો સહભાગી બન્યા.

### પીયર એજ્યુકેટર મીટીંગ

- તા. ૧ ઓગષ્ટ ૧૫ના રોજ ની પીયર એજ્યુકેટર મિટિંગમાં કમ્યુનીકેશન અને હોમવિઝિટ કેવી રીતે કરવી તે વિષય પર જાણકારી આપી. આઠ પીયર એજ્યુકેટર સહભાગી બન્યા.

### ગ્રામ્ય પ્રવૃત્તિ

- ઓગષ્ટ માસમાં ગામમાં યોજાતા "મમતા દિવસ" માં એડોલેસન્ટ વિભાગમાંથી કાર્યકર સહભાગી બન્યા. ખાસ કરીને તે દિવસે કિશોરીઓ માટેની યોજનાઓનો લાભ કિશોરીઓ લે છે, અન્ય કઈ પ્રવૃત્તિ કરવામાં આવે છે તેની માહિતી મેળવી.
- ૧૫ સપ્ટે ૧૫ના રોજ "રતન ટાટા ઈન્સ્ટીટયુટ ઓફ સોશીયલ સાયન્સ" માંથી આવેલ વિઝિટર્સ ગ્રામ્યકક્ષાની એડોલેસન્ટની પ્રવૃત્તિ જોવા માટે શિયાલી ગામમાં વિઝિટ કરી પીયર એજ્યુકેટર સાથે ચર્ચા કરી.

### શાળા સેષન

- **જુલાઈ ૨૦૧૫**
  - ધોરણ – ૭ ની ૨૮ શાળાઓમાં ટીમવર્ક સેશનમાં ૪૩૮ કિશોર ૩૮૭ કિશોરી હાજર રહ્યા.
  - ધોરણ – ૮ ની ૪૩ શાળાઓમાં હકારાત્મક વલણ સેશનમા ૪૪૨ કિશોરો, ૨૯૨ કિશોરીઓ હાજર રહ્યા.
  - ધોરણ –૯ની ૪૩ શાળાઓમાં આપણે બિમાર કેમ પડીએ ? આરોગ્ય પર અસર કરતા પરિબળો સેશનમાં ૫૭૧ કિશોર, ૫૯૪ કિશોરી હાજર રહ્યા.
- **ઓગષ્ટ ૨૦૧૫**
  - ધોરણ – ૭ ની ૨૮ શાળાઓમાં ન્યુટ્રીશન, ત્રુટીજન્ય રોગો સેશનમાં ૪૨૩ કિશોર ૪૩૯ કિશોરી હાજર રહ્યા.

- ધોરણ – ૮ ની ૪૩ શાળાઓમાં પર્યાવરણ અને પ્રદૂષણ સેશનમા ૪૩૮ કિશોરો, ૫૦૬ કિશોરીઓ હાજર રહ્યા.
- ધોરણ–૯ ની ૪૩ શાળાઓમાં પાણીજન્ય રોગો વિષેના સેશનમાં ૫૪૪ કિશોર, ૫૬૨ કિશોરી હાજર રહ્યા.
- ધોરણ–૧૦ની ૧૪ શાળાઓમાં પ્રજનનતંત્ર અને કુટુંબકલ્યાણ સેશનમાં ૫૦૩ કિશોરો, ૩૯૨ કિશોરીઓ હાજર રહ્યા.

- **સપ્ટેમ્બર ૨૦૧૫**

- ધોરણ – ૭ ની ૨૮ શાળાઓમાં શરીર રચના સેશનમાં ૩૩૫ કિશોર ૩૪૪ કિશોરી હાજર રહ્યા.
- ધો. ૮ ની ૪૩ શાળાઓમાં કિશોરાવસ્થાના શારિરીક ફેરફાર અને પ્રજનનતંત્ર સેશનમા ૩૫૦ કિશોરો, ૩૬૦ કિશોરીઓ હાજર રહ્યા.
- ધો. ૯ ની ૪૩ શાળાઓમાં વ્યસન સેશનમાં ૫૯૪ કિશોર, ૫૦૪ કિશોરી હાજર રહ્યા.
- ધો. ૧૦ ની ૧૪ શાળાઓમાં પ્રજનન તંત્રના ચેપી રોગો એઈડ્સ એચ. આઈ. વી. એઈડસ સેશનમાં ૧૭૪ કિશોરો, ૧૮૩ કિશોરીઓ હાજર રહ્યા.

- **મીશન છાત્રાલય**

- ઝઘડીયાની મીશન હોસ્ટેલમાં રહેલી ધો. ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ની ૧૬૦ કિશોરીઓ સાથે સાંજે ન્યુટ્રીશન વિષય પર જાણકારી આપી. ત્યાંના સીસ્ટરના આમંત્રણને ધ્યાનમાં લઈ આ સેષન લીધુ. છાત્રાલયમાં રહી ન્યુટ્રીશન કેમ જાળવવુ જરૂરી છે ? તેનાથી શુ ફાયદો છે ? વગેરેની સમજ કિશોરીઓને ગમી.

- **વિજીટીકે વિદ્યાર્થી સાથે**

✷ તા. ૨૭ ઓગષ્ટ ૧૫ના રોજ ૯૫ વિદ્યાર્થી ઓ સાથે " વાતચીત કરવાની કળા " (કમ્યુનીકેશન) વિષય ( SES મોડયુલના ભાગરૂપે સેશન ) લીધુ.

✷ તા.૨૩ સપ્ટેમ્બર સીકલસેલ એનીમીયા વિષય પર જાણકારી આપી.

✷ તા.૨૪ સપ્ટેમ્બર કાઉન્સેલીગ, બિહેવીયર ચેન્જ વિષય ( SES મોડયુલના ભાગરૂપે ) લીધો.

**અન્ય પ્રવૃત્તિ**

- ૧૫ જુલાઈ શિક્ષક સંકલન મિટિંગમાં ઝઘડીયા વિસ્તારની શાળાઓમાંથી ૪૦ શિક્ષકશ્રી તથા તાલુકા અને જિલ્લા કક્ષાના શિક્ષણ અધિકારીશ્રીઓ હાજર રહ્યા.
- ૧૬ જુલાઈ એડોલેસન્ટના પાંચ ગામોના આશા કાર્યકર, આંગણવાડી કાર્યકર, નર્સબેન, મલ્ટીપરપઝ વર્કર સાથે સંકલન મિટિંગ કરી. મિટિંગમાં ૧૨ આરોગ્ય કાર્યકર મિત્રો સહભાગી બન્યા.
- રાજ્ય સ્તરીય વિવેકાનંદ સેવા પ્રકલ્પ – ૯ સપ્ટેમ્બર ૨૦૧૫ ના રોજ ધારોલી શાળાના બાળકો સાથે વ્યસન અને વ્યકિતગત સ્વચ્છતા પર ગામમાં જ બાળકો દ્વારા નાટકો બનાવી ફળિયાઓમાં રજૂ કર્યા. સાથે પોસ્ટરોની મદદથી વ્યકિતગત સ્વચ્છતા સફાઈ દ્વારા કમ્યુનીટીમાં જાગૃતિ કાર્યક્રમ કર્યો.

## આર્થિક કાર્યક્રમ

### પાપડ

- પાપડ વિભાગમાં કાચામાલનો ભાવ વધારો, પાપડની કિંમતમાં વધારો અને બહેનોની ઘટતી જતી સંખ્યાને કારણે માર્કેટ જાળવવામાં મુશ્કેલી નડી રહી છે. સંસ્થાની અન્ય મીટીંગોમાં આ પ્રશ્નોની ચર્ચા વિચારણા થતી રહે છે. આવી જ એક ચર્ચામાં આવેલ સૂચનને અમલમાં મૂકવામાં આવ્યુ.

  તા. ૧૧ જુલાઈ ૧૫ ના રોજ સુરતમાં "છાંયડો" સંસ્થા દ્વારા સેવા રૂરલને પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યો તે સ્વીકાર કાર્યક્રમમાં જોડાયા. ખાસ કરીને આ કાર્યક્રમમાં પાપડ વિભાગમાંથી ગયેલ ટીમે ઓછા મીઠાવાળા બ્લડપ્રેશરના દર્દીઓ માટેના પાપડનુ નિદર્શન કર્યુ. આવેલ મહેમાનશ્રીઓને પાપડ શેકીને ટેસ્ટ કરાવ્યો અને પ્રતિભાવ મેળવ્યા.

### ગારમેન્ટ

- શિવણ તાલીમ ૧૩મી અને ૧૪મી બેચ તા. ૩૦ સપ્ટે ૧૫ના રોજ પૂરી થઈ. કુલ ૨૬ બહેનોએ ૬ માસની તાલીમ પૂરી કરી અને પરીક્ષા પણ પાસ કરી. આ બહેનોએ શિવણ તાલીમની સાથે સાથે દર મહિને થતી શિબિરોમાં જોડાયા અને સ્વરક્ષણની તાલીમ મેળવી.

  ગારમેન્ટ વિભાગમાં ત્રણ માસ દરમિયાન ૩૪ બહેનોએ કેન્દ્રસ્તરે કામ કર્યુ. અને આઠ બહેનોને ઘરે કામ આપ્યું. કુલ રૂા. ૧૭.૦૬ લાખ ઉત્પાદન કર્યું. રૂા. ૪.૦૫ લાખની કમાણી બહેનોએ કરી.

♦

## મિત્રોની નજરે...

સ્નેહીશ્રી,

સેવા સુવાસનો ૧૪–૧૫નો અંક મળ્યો છે. આ અંક વાંચી ગયો. સેવા રૂરલ તેની હોસ્પિટલથી વખાણાય છે. એટલું જ નથી, અન્ય વિવિધ પ્રવૃત્તિઓનો ધમધમાટ આકર્ષે છે. વ્યકિતને કઈ રીતે, કયારે ઉપસ્થિત થવું તેવી મથામણ ઊડીને આંખે વળગે તેવી છે. સેવાના વિવિધ ક્ષેત્ર જોવા મળે છે. તેને જાણવા અને જોવા, માણવાનું મન તો થાય જ ને ! આવા સદકાર્યને જોવામાંથી પણ ઉતરી જઈએ તો લાગે કે જીવન વ્યર્થ ગયું.

કરી શી કમાણી ? મથતા અંતરના તાણાવાણા, ઝણકારથી આપ સૌને વંદન કરી રહ્યો છું. કયારેક પ્રત્યક્ષ ઓવારણા લેવાનું નસીબ મળે ખરું ? કયારેક પણ સદભાગીઓનું સાંનિધ્ય મળશે તેવા લાલચમાં સમય મળ્યો.

આભાર સહ,

શંભુ યોગી,
વડનગર (મહેસાણા)

( વાચકમિત્રો, આ પ્રમાણે આપણા પ્રતિભાવો ચોક્કસ લખી મોકલશો. )

♦

# સત્સંગના સથવારે

અત્યાર સુધીના અંકોમાં સંસ્થાના પાયાના ત્રણ અભિગમમાંથી સામાજીક સેવા અને વૈજ્ઞાનિક અભિગમને ધ્યાનમાં રાખી પ્રવૃત્તિઓ તેમજ સમાચાર પ્રકાશિત થઈ રહ્યા છે. છેલ્લાં કેટલાંક વખતથી નાનાઓની મોટાઈ શિર્ષક હેઠળ સંસ્થાના કાર્યકરોના હૃદયમાં સિંચન થઈ રહેલ સેવાની ભાવના વિશેના કેટલાંક પ્રસંગોનો ઉલ્લેખ થઈ રહ્યો છે. આજે જયારે સંસ્થા ૩૫ વર્ષ પૂરા કરી રહી છે ત્યારે સંસ્થાના પાયામાં રહેલ અગત્યનો અન્ય એક અભિગમ **આધ્યાત્મિક દષ્ટિકોણ** જે કાર્યકરો અને પરિવારના સ્વવિકાસમાં સહાયક બની રહ્યો છે. તે માટે સંસ્થામાં વખતોવખત જુદા જુદા સંપ્રદાયના સાધુ સંતો તેમજ વિવિધ ક્ષેત્રોમાં કામ કરતાં સમાજ સેવકો સાથે સત્સંગનો લાભ ઈશ્વર કૃપાથી અમને સાંપડી રહ્યો છે. આ ઉપરાંત વિવિધ મિટીંગો અને તાલીમ દરમિયાન કરવામાં આવતાં પ્રેરણાદાયી વાંચનમાંથી અમે જે કંઈ નાનું મોટું સમજી રહ્યાં છીએ અને સ્વવિકાસની દિશામાં પગલું માંડી રહ્યા છીએ તેનો ગમતાનો ગુલાલ કરી **સત્સંગના સથવારે** શિર્ષક હેઠળ વાચકો સુધી પહોંચાડવાનો પ્રયાસ આ અંકથી શરૂ કરી રહ્યાં છીએ.

## પ્ર. જ્ઞાનમયપ્રાણા માતાજી સાથેનો વાર્તાલાપ

**તા.૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ શારદામઠથી પધારેલા પ્ર. જ્ઞાનમયપ્રાણાજી સાથે પરિવાર બહેનોનો એક વાર્તાલાપ ગોઠવેલો. તે દરમ્યાન થયેલ પ્રશ્નોત્તરી વાંચીએ.**

**પ્રશ્ન :** આપણે બધા સંસારમાં રહીએ છીએ એટલે સમાજમાં, આસપાસના વાતાવરણમાં રહેતા પ્રશ્નો અને મૂંઝવણો સતાવી રહ્યા છે. તેમાંથી બહાર આવી સારું જીવન જીવવાની ઈચ્છા પણ હોય છે. તો આ માટે શું કરવું ?

**જવાબ :** આપણું જીવન શું એ આપણે પહેલા વિચારીએ. એક છે બહારનું જગત એમાં આવે આપણા બધા સંબંધીઓ અને સ્થુળ જગત. આ બહારનું જગત એક બાજુ છે અને આપણે બીજી બાજુ. આપણે એટલે આપણું શરીર, મન અને બુધ્ધિ.

**શરીર –** દસ વર્ષ પહેલા શરીર જે હતું તે આજે નથી અને ૧૦ વર્ષ પછી બીજું શરીર હશે. વિજ્ઞાન કહે છે દર ૧૨ વર્ષે શરીરના બધા સેલ બદલાઈ જાય છે એટલે કે તદ્દન બીજું જ શરીર હોય છે. આનો અર્થ એ કે શરીર અવિરત બદલાતું જ રહે છે.

**મન –** મન પણ આવું જ છે. મનમાં કેટલા બધા વિચારો આવે છે અને જાય છે. કોઈક વાર ગુસ્સો, ઉદાસીનતા, આનંદ, રાગ દ્વેષ, ઈર્ષ્યા, મોહ, અભિમાન વિ. કેટલાય વિચારો અને ભાવો મનમાં સતત બદલાયા જ કરે છે. આનો અર્થ એ કે મન પણ અવિરત બદલાતું રહે છે.

**બુધ્ધિ –** આપણે જેને બુધ્ધિ કહીએ છીએ તે અર્થ અહી લેવાનો નથી. બુધ્ધિ એટલે અંદરનો અવાજ જે આપણને સાચું–ખોટું શું છે તે કહે છે. એનું માનવું કે નહિ તે આપણા હાથમાં છે. કોઈકવાર માનીએ પણ મોટા ભાગના લોકો મોટા ભાગે માનતા નથી હોતા.

આપણે જીવનમાં શું જોઈએ છીએ ? સૌથી પહેલા તો બધા જ પ્રેમના ભૂખ્યા હોય છે. બીજું આપણે જે કરીએ છીએ તે આનંદ મેળવવા માટે કરીએ છીએ. પ્રેમ અને આનંદ ઉપરાંત આપણા બધા પ્રયાસો એક કાયમી વસ્તુ મેળવવા પ્રયાસ કરતા હોય છે પણ બહારનું જગત હંમેશા બદલાતું જ હોય છે. જગતની સ્થૂળ વસ્તુ બદલાય છે તેમજ આપણા સંબંધો પણ ઓછા કે વધતા બદલાયા કરે છે. આ જગતમાં પ્રેમ અને આનંદ કોઈકવાર મળે છે કે નથી મળતા. જેવો જોઈએ છે, જેવી રીતે જોઈએ છે, જેનામાંથી જોઈએ છે તે ઘણીવાર નથી મળતાં. આ છે આપણા જીવનની સમસ્યા.

પણ આપણી પાસે એક વસ્તુ છે. તે આપણી જ છે. કદી બદલાતી નથી.

કોઈ કદીયે આ વસ્તુ નહી લઈ શકે. તે શાશ્વત અને અવિચલ છે. એટલું જ નહી. જે પ્રેમ બહારના જગતમાં શોધીએ છીએ તે એમાં જ છે. તે પ્રેમ સ્વરૂપ છે. એવી જ રીતે જે આનંદ બહારના

જગતમાં શોધીએ છીએ તે એમાં જ છે. એ આનંદ સ્વરૂપ છે. આ નશ્વર શરીરને સુંદર કરવા મંડીએ છીએ પણ પૂર્ણ સૌદર્ય પણ આ વસ્તુમાં જ છે. આ વસ્તુ છે આપણી પોતાની જ "આત્મા".

આ આત્મા વિશે કોઈ કોઈને ખબર હશે. પણ મોટાભાગના લોકોને ખબર પણ નથી હોતી. જેને ખબર છે તે એનો વિચાર નથી કરતા. જ્યારે માણસ આત્મા વિશે જાણે, વિચારે, વારંવાર એનું ચિંતન કરે ત્યારે જે પ્રેમ અને આનંદને આ બદલાતા જગતમાં શોધવાનું ઓછું થઈ જાય છે. એને પ્રેમ અને આનંદ પોતાના શાશ્વત આત્માના ચિંતનમાંથી વધારેને વધારે મળે છે.

તમારો પ્રશ્ન હતો કે સમાજમાં અને આસપાસના વાતાવરણમાં ઘણી મુંઝવણો સતાવે છે. મુંઝવણોનું મૂળ કારણ એ જ છે કે આપણે બહારના જગતમાં ન બદલાતો પ્રેમ અને આનંદ શોધતા રહીએ છીએ. આત્માનું ચિંતન કરતાં અંદરના ઊંડાણમાં રહેલો પ્રેમ અને આનંદ જાગે છે. એનાથી મન ભરાઈને આપણા વાણી અને વર્તનમાંથી બહારના જગતમાં પ્રવેશ કરે છે. જ્યારે આવું થાય ત્યારે ધીરે ધીરે બહારનું જગત પણ બદલાય છે. આપણા મોટાભાગની મુંઝવણો અને જીવનની સમસ્યાઓનો ઉકેલ આ છે.

### આના માટે પહેલું પગલું શું ?

સવારે ઉઠીને સૌ પ્રથમ અને સુતા પહેલા આ વસ્તુ મનમા દ્રઢ ભાવે યાદ કરવી જોઈએ.

- હું આત્મા છું. આ બદલાતું શરીર, બદલાતું મન નથી. બહારનું જગત અને એના સંબંધો સ્થાઈ નથી.
- હું આત્મા છું. આ આત્મા શાશ્વત છે. કદીયે બદલાતી નથી.
- હું આત્મા છું, આ આત્મા પ્રેમ સ્વરૂપ છે. પ્રેમ બહારથી નહી, અંદરથી આવે છે.
- હું આત્મા છું. આ આત્મા આનંદ સ્વરૂપ છે. આનંદ બહારથી નહી, અંદરથી આવે છે.
- હું આત્મા છું. આ આત્માનું સૌદર્ય અવિચલ છે. મારું શરીર ગમે તેટલું કદરૂપુ કેમ ન હોય, હું ખરેખર અતિસુંદર આત્મા છું.

♦

# નાનાઓની મોટાઈ

## "મને આ કામ ગમે છે માટે હું કરીશ..."

આ શબ્દો છે ભરતભાઈ વસાવાના. તેઓ સંસ્થામાં ૨૫ વર્ષથી કામ કરે છે. સંસ્થાના હોસ્પિટલમાં ઓપરેશન થિયેટરમાં મદદનીશ તરીકે કામ કરતા ભરતભાઈ વસાવા, છેલ્લા ૬ માસથી ઝઘડિયાથી ૪ કિ. મી. દૂર આવેલ ખારીયા ગામથી સેવા રૂરલ સંસ્થાના કેમ્પસમાં આવેલ મંદિરમાં રોજ સવારે ૬ વાગે આવી નિયમિત સફાઈ, આજુબાજુના બાગની સફાઈ કરે છે. તેઓને આ કામ કરવા માટે નથી સંસ્થાના વહીવટદારો તરફથી કહેવામાં આવ્યું કે નથી તે માટેની કોઈ પગારની જોગવાઈ કે નથી માનદ્ વેતનની જોગવાઈ ગોઠવાઈ, પરંતુ ભરતભાઈ સ્વયંભૂ, સ્વયં પ્રેરણાથી સ્વેચ્છાએ આવી કામ કરે છે. આ કામ માટે દૂરથી વહેલા સવારે ન આવવા માટે વહીવટદારોએ જણાવ્યું. પરંતુ મને આ કામ કરવું છે. આ કામ ગમે છે કહી જાહેર રજા હોય, રવિવાર હોય, કોઈ જોએ, ન જોએ છતાંય ભરતભાઈ મંદિરની સ્વચ્છતાનું કામ નિયમિત કરી રહ્યા છે.

ભરતભાઈ વસાવાને નિષ્ઠા, પરિવારભાવનાની પ્રેરક જાગૃતિ દાખવવા બદલ અભિનંદન પાઠવીએ.

♦

## જાણવા જેવું

# ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના

**હેતુ :**

૧. સગર્ભાવસ્થા દરમ્યાન યોગ્ય કાળજી અને ઉપલબ્ધ સેવાઓનો ઉપયોગ સુરક્ષિત પ્રસુતિ માટે કરવો. • સ્ત્રીને બાળકનાં જન્મબાદ તરત સ્તનપાન કરાવવું અને પ્રથમ ૬ માસ ફકત સ્તનપાન કરાવવું. • સગર્ભા અને ધાત્રીનું આરોગ્ય અને પોષણ સ્તર સુધારવું.

**મળવાપાત્ર સેવાઓ** :

૨. યોજના અંતર્ગત નિયમ મુજબ દરેક જરૂરિયાત પૂર્ણ કરે તેને સગર્ભાવસ્થાના ત્રીજા મહિનાથી બાળક છ માસનું થાય ત્યાં સુધીમાં ત્રણ ઈન્સ્ટોલમેન્ટમાં કુલ રૂા. ૪,૦૦૦/– આપવામાં આવે છે.

**પહેલુ ઈન્સ્ટોલમેન્ટ :** રૂા. ૧,૫૦૦/– ત્યારે જ મળવાપાત્ર છે, જયારે નીચેના ૫ નિયમ પૂર્ણ કર્યા હોય.

• ચાર મહિનાની અંદર નામની નોંધણી કરાવી હોય. • એક એન્ટીનેટલ ચેકઅપ કર્યો હોય. • આયર્નની ગોળીઓ લીધી હોય. • ઓછામાં ઓછી એક ધનુરની રસી લીધી હોય. • ઓછામાં ઓછું એક વાર કાઉન્સેલીંગનું સત્ર આંગણવાડી કેન્દ્ર / મમતા દિવસ કે ઘરે થયેલ હોય.

**બીજુ ઈન્સ્ટોલમેન્ટ :** રૂા. ૧,૫૦૦/– પ્રસુતિના ત્રણ મહિને ત્યારે જ મળવાપાત્ર છે, જયારે નીચેના ૬ નિયમ પૂર્ણ કર્યા હોય.

• શિશુ જન્મની નોંધણી. • શિશનું પોલીયો અને બી. સી.જી.નું રસીકરણ થયું હોય. • શિશુને પોલિયો અને પંચગુણી–૧ આપી હોય. • શિશુને પોલીયો અને પંચગુણી–૨ આપી હોય. • જન્મ પછી ઓછામાં ઓછા બે વાર શિશુંનું વજન થયું હોય. • પ્રસુતિ બાદ માતાના ઓછામાં ઓછા કાઉન્સેલીગના બે સત્ર આંગણવાડી કેન્દ્ર / મમતા દિવસ કે ઘરે થયેલ હોય.

**ત્રીજુ ઈન્સ્ટોલમેન્ટ :** રૂા. ૧,૦૦૦/– શિશુના ૬ મહિના પૂર્ણ થાય ત્યારે જ મળવાપાત્ર છે. જયારે નીચેના ૫ નિયમ પૂર્ણ કર્યા હોય.

• શિશુને ૬ માસ દરમ્યાન ફકત સ્તનપાન કર્યુ હોય. ( ગંભીર બિમારીમાં ડોકટરની સલાહ મુજબ) • ૬ મહિના પૂર્ણ થયે બાળકને ઉપરનો આહાર શરૂ કર્યો હોય. • બાળકને પોલીયો અને પંચગુણીના–૩ ડોઝ પૂર્ણ થયેલ હોય. • ત્રણ માસથી ૬ માસ દરમ્યાન બાળકનું વજન ઓછામાં ઓછું બે વાર થયેલ હોય. • સ્તનપાનના ત્રીજા અને છઠ્ઠા માસે ઓછામાં ઓછું એક વાર કાઉન્સેલીગનું સત્ર આંગણવાડી કેન્દ્ર / મમતાદિવસ કે ઘરે થયેલ હોય.

૩. **યોજનાનો લાભ કોને મળે ? :** ૧૯ વર્ષથી ઉપરની વયની સ્ત્રીને બે જીવિત બાળકો સુધી.

**પ્રાયોગિક ધોરણે કાર્યાન્વિત :**

ફકત પાટણ અને ભરૂચ જિલ્લામાં પ્રાયોગિક ધોરણે આ યોજના કાર્યરત છે.

જયારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ
ત્યારે જ આપણા જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે.

મા શારદા

પ્રિન્ટેડ બુક


પ્રકાશક :

સેવા રૂરલ અને શારદા મહિલા વિકાસ સોસાયટી,
ઝઘડિયા – ૩૯૩ ૧૧૦, જિ. ભરૂચ, ગુજરાત
સેવા રૂરલ પબ્લીક ટ્રસ્ટ રજી. નં. એફ/૧૧૦/ભરૂચ

E-mail :- sewarural@ymail.com, Website : www.sewarural.org
Facebook : http:// www.facebook.com/sewarural
ફોન : (૦૨૬૪૫) (ઓ.) ૨૨૦૦૨૧, ૨૨૦૮૬૮
PAN No. AAATS 7375J

35 Years 1980-2015
એક અવિરત યાત્રા

શા.મ.વિ.સો. પબ્લીક ટ્રસ્ટ રજી. નં. એફ/૯૦૩/ભરૂચ
smvs1985@yahoo.co.in, Website : www.shardamahilavikas.org
ફોન : (૦૨૬૪૫) ૨૨૦૮૧૧, ફેક્સ નં. ૨૨૦૩૧૩
PAN No. AACTS 8212L